સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં.1 મેગેઝિન


# ICE® MAGIC


## WEEKLY CURRENT AFFAIRS

WEEK 29

JULY 2024
14-07-24 TO 20-07-24

સંપાદક
મૌલિક ગોંધિયા





















સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને **ફ્રી મટીરિયલ્સ** તેમજ **રેગ્યુલર કરંટ અફેર્સ** મેળવવા માટે ક્લિક કરો.

ICE Rajkot | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**14 JULY-2024**

- દિવસ મહિમા : 14 જુલાઈ, ફ્રેન્ચ બેસ્ટિલ દિવસ (French Bastile Day) ........ 02
- ખર્ચી પૂજા (Kharchi Puja) ........ 02
- 46 વર્ષ બાદ પૂરીના જગન્નાથ મંદિરમાં રત્નભંડાર ખૂલવામાં આવ્યો ........ 02
- વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સ : ભારત ચેમ્પિયન ........ 04
- QUESTION ANSWERS ........ 05

**15 JULY-2024**

- દિવસ મહિમા : 15 જુલાઈ, વિશ્વ યુવા કૌશલ દિવસ (World Youth Skills Day) ........ 06
- વિશ્વનું સૌથી ઊંચું 153 ફૂટનું ત્રિશૂલ ........ 06
- વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ 2024 ........ 07
- Financial Inclusion Index : RBI ........ 09
- QUESTION ANSWERS ........ 12

**16 JULY-2024**

- દિવસ મહિમા : 16 જુલાઈ, વિશ્વ સાપ દિવસ (World Snake Day) ........ 13
- શ્રીમતી અરૂણા અસફ અલી જન્મજયંતિ ........ 13
- સંવિધાન હત્યા દિવસ ........ 13
- યૂરો કપ 2024 : સ્પેન ચેમ્પિયન ........ 14
- આર્જેન્ટિનાએ વિક્રમી 16મી વખત કોપા અમેરિકા કપ જીત્યો ........ 16
- પ્રસિદ્ધ બોલર જેમ્સ એન્ડરસને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી ........ 16
- QUESTION ANSWERS ........ 18

**17 JULY-2024**

- દિવસ મહિમા : 17 જુલાઈ, વિશ્વ આંતરરાષ્ટ્રીય ન્યાય દિવસ (World Day for International Justice), વિશ્વ ઈમોજી દિવસ ........ 19
- SDG India Index 2023-24 : નીતિ આયોગ ........ 19
- IMOનું 132મું સત્ર ........ 25
- QUESTION ANSWERS ........ 27

**18 JULY-2024**

- દિવસ મહિમા : 18 જુલાઈ, નેલ્સન મંડેલા આંતરરાષ્ટ્રીય દિવસ (Nelson Mandela International Day) ........ 28
- નેપાળના નવા વડાપ્રધાન : શ્રી કે.પી. શર્મા ઓલી ........ 28
- ભારત-મોરેશિયસ મૈત્રી ઉદ્યાન ........ 29
- પૌલ કાગામે ચોથી વખત રવાન્ડાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા ........ 29
- QUESTION ANSWERS ........ 30

**19 JULY-2024**

- ભારતીય બંધારણનો અનુચ્છેદ-341 ........ 31
- રાષ્ટ્રીય જળમાર્ગ 101 : તિજુ અને ઝુંગકી નદી ........ 33
- QUESTION ANSWERS ........ 34

**20 JULY-2024**

- દિવસ મહિમા : 20 જુલાઈ, વિશ્વ ચેસ દિવસ (International Chess Day), આંતરરાષ્ટ્રીય ચંદ્ર દિવસ ........ 35
- છત્રપતિ શિવાજી મહારાજના વાઘ નખ બ્રિટનથી મહારાષ્ટ્ર પરત લાવવામાં આવ્યા ........ 35
- શ્રી અજિત ડોભાલ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) તરીકે ફરી નિયુક્ત ........ 37
- ભારતની સૌથી લાંબી અને સૌથી મોટી શહેરી ટનલ : થાણે-બોરિવલી ........ 38
- શ્રમિક બસેરા યોજના : ગુજરાત ........ 38
- QUESTION ANSWERS ........ 40

**ONE LINER** ........ 41

**QUESTION OF THIS WEEK** ........ 45


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 14 જુલાઈ, ફ્રેન્ચ બેસ્ટિલ દિવસ (French Bastile Day)

## ખર્ચી પૂજા (Kharchi Puja)

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'ખર્ચી પૂજા'ના અવસર પર ત્રિપુરાના લોકોને શુભેચ્છા પાઠવી હતી.



### ખર્ચી પૂજા

ખર્ચી પૂજા ત્રિપુરા રાજ્યના મુખ્ય તહેવારોમાંનો એક છે.

- આ તહેવાર હિન્દુ કેલેન્ડર મુજબ ચંદ્ર મહિનાની અષાઢની શુક્લ અષ્ટામીના દિવસે આવે છે અને સાત દિવસ સુધી ચાલે છે.
- તેથી તે દર વર્ષે જુલાઈ અથવા ઓગસ્ટમાં નવા ચંદ્રના આઠમાં દિવસે મનાવવામાં આવે છે.
- ખર્ચી અથવા ખારચી શબ્દ ત્રિપુરી શબ્દ પરથી ઉતરી આવ્યો છે જેનો અર્થ થાય છે 'પાપ' અને 'સફાઈ' જે પાપોની શુદ્ધિ દર્શાવે છે.
- પૂજાના દિવસે 14 દેવતાઓને 'ચંતાઈ' (શાહી પૂજારી)ના સભ્યો દ્વારા 'સૈદરા' નદી પર લઈ જવામાં આવે છે.
- દેવતાઓને પવિત્ર જળથી સ્નાન કરાવવામાં આવે છે અને મંદિરમાં પાછા લાવવામાં આવે છે.
- તહેવાર દરમિયાન ત્રિપુરાના લોકો તેમના 14 દેવતાઓ તેમજ પૃથ્વીની પૂજા કરે છે.
- આ તહેવાર '14 દેવોના ઉત્સવ' તરીકે પણ ઓળખાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 46 વર્ષ બાદ પૂરીના જગન્નાથ મંદિરમાં રત્નભંડાર ખૂલવામાં આવ્યો

ઓડિશાના પુરીમાં આવેલા શ્રી જગન્નાથ મંદિરના રત્ન ભંડારને 46 વર્ષ બાદ ખોલવામાં આવ્યો હતો.





- આ ભંડારમાં આટલા વર્ષ સુધી રૂપિયા, જવેરાત સહિતનું દાન એકઠું કરવામાં આવ્યું હતું. જેને લઈ જવા માટે પાંચ ફૂટ લાંબા અને અઢી ફૂટ ઊંચા છ પટારા મંગાવવામાં આવ્યા હતા.
- આ પહેલા રત્ન ભંડારના દરવાજા વર્ષ 1978માં ખોલવામાં આવ્યા હતા.
- રત્ન ભંડાર, ખજાનાનો એક મૂલ્યવાન સંગ્રહ છે, જે જગમોહન (મંદિરનો સભાકક્ષ)ની ઉત્તરની બાજુએ આવેલું છે.
- આ મંદિરના રત્ન ભંડારમાં ભગવાન જગન્નાથ, ભગવાન બલભદ્ર અને દેવી સુભદ્રાના કિંમતી આભૂષણો છે, જે વર્ષોથી અનુયાયીઓ અને ભૂતપૂર્વ રાજાઓ દ્વારા ભેટમાં આપવામાં આવ્યા છે.
- પુરી શ્રી જગન્નાથ મંદિર અધિનિયમ, 1952 મુજબ જાળવવામાં આવેલા અધિકારોના રેકોર્ડમાં ભગવાન શ્રી જગન્નાથ સાથે સંબંધિત કિંમતી ઝવેરાત અને વિવિધ શણગારની સૂચિ શામેલ છે.
- તે બે ચેમ્બર ધરાવે છે, આંતરિક ચેમ્બર અને બાહ્ય ચેમ્બર, જે છેલ્લા 46 વર્ષથી બંધ હતું.
- છેલ્લે વર્ષ 1978માં બનાવેલી યાદી અનુસાર અહીં રત્ન ભંડારમાં કુલ 128.38 કિલો સોનું અને 221.53 કિલો ચાંદી હતું.
- ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) આ મંદિરના સંરક્ષક છે અને તેમણે 2008માં રત્ન ભંડારનું માળખાકીય નિરીક્ષણ હાથ ધર્યુ હતું. પરંતુ અંદરની ચેમ્બરમાં પ્રવેશ કર્યો ન હતો.

## જગન્નાથ મંદિર વિશે

એવું માનવામાં આવે છે કે આ મંદિરનું નિર્માણ 12મી સદીમાં પૂર્વીય ગંગા વંશના રાજા અનાતવર્મન ચોડાગંગા દેવ દ્વારા કરવામાં આવ્યું હતું.

- રથ યાત્રા માટે પ્રસિદ્ધ આ મંદિર ઓડિશાના પુરીમાં આવેલું છે.
- શ્રી જગન્નાથ મંદિરને 'યામણિકા તીર્થ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- કારણ કે એવું માનવામાં આવે છે કે ભગવાન જગન્નાથની હાજરીને કારણે પુરીમાં મૃત્યુના દેવ 'યમ'ની શક્તિ શુન્ય થઈ હતી.
- આ મંદિરને 'સફેદ પેગોડા' તરીકે પણ ઓળખવામાં આવતું હતું.
- મોટાભાગના હિન્દુ મંદિરોમાં જોવા મળતા પથ્થર અને ધાતુના ચિન્હોથી વિપરીત ભગવાન જગન્નાથની મૂર્તિ લાકડાની બનેલી છે. અને દર બાર કે ઓગણીસ વર્ષે વિધિપૂર્વક એક ચોક્કસ પ્રતિકૃતિ દ્વારા બદલવામાં આવે છે.
- મંદિર કલિંગ શૈલીમાં બાંધવામાં આવ્યું છે, જેમાં પંચરથ પ્રકાર છે.
- આ મંદિરમાં શ્રી મંદિર, જગમોહન મંદિર, નટ મંદિર તથા ભોગ મંડપ એક હારમાં આવેલા છે.

- મંદિરના ચાર દરવાજા છે–પૂર્વીય 'સિંહદ્વારા' જે મુખ્ય દ્વાર છે જેમાં બે ઝૂકતા સિંહો છે, દક્ષિણનો 'અશ્વદ્વારા', પશ્ચિમનો 'વ્યાઘરા દ્વારા' અને ઉત્તરમાં 'હસ્તીદ્વાર' છે. દરેક દ્વાર પર દરેક સ્વરૂપનું કોતરકામ છે.
- પ્રવેશદ્વારની સામે અરૂણા સ્તંભ અથવા સૂર્ય સ્તંભ છે, જે મૂળ કોર્ણાકના સૂર્ય મંદિરમાં હતો.

**નોંધ :**
(1) ભારતમાં દર વર્ષે ઓડિશાના પૂરી ખાતે દર વર્ષે અષાઢ સુદ બીજના રોજ ભગવાન શ્રી જગન્નાથની 9 દિવસીય રથયાત્રા યોજાય છે.
(2) આ રથયાત્રા પૂરીના જગન્નાથ મંદિરથી 3 કિ.મી. દૂર આવેલા ગુંડિચા મંદિર સુધી યોજાઈ છે.
(3) પૂરી ખાતે યોજાતી આ રથયાત્રા વિશ્વની સૌથી મોટી રથયાત્રા છે.
(4) પૂરી એ હિન્દુ ધર્મના મૂળ ચાર ધામ પૈકીનું એક છે.
(5) પૂરીને જગન્નાથપૂરી, પૂરષોત્તમ પૂરી, શંખ ક્ષેત્ર અથવા તો શ્રીક્ષેત્રના નામથી પણ ઓળખવામાં આવે છે.

## વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સ : ભારત ચેમ્પિયન

તાજેતરમાં વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થયું હતું.

- તે એક T-20 ક્રિકેટ ટુર્નામેન્ટ છે, જેમાં વિવિધ દેશોના નિવૃત્ત આંતરરાષ્ટ્રીય ક્રિકેટર રમે છે.
- આ ટુર્નામેન્ટને ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.
- આ ટુર્નામેન્ટમાં ફાઈનલ મેચમાં પાકિસ્તાનને હરાવી ભારતે આ ટાઈટલ જીતી લીધું છે.
- આ સાથે ભારતે આ ટુર્નામેન્ટનું પ્રથમ ટાઈટલ જીત્યું છે.
- નોંધનીય છે કે આ ટુર્નામેન્ટમાં ભારતની ટીમના કેપ્ટન શ્રી યુવરાજ સિંહ હતા.



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'ફ્રેન્ચ બેસ્ટિલ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 13 જુલાઈ (B) 14 જુલાઈ (C) 15 જુલાઈ (D) 16 જુલાઈ **(B)**

2. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ખર્ચી પૂજા' તહેવાર કયા રાજ્યમાં ઉજવવામાં આવે છે ?

(A) ત્રિપુરા (B) તમિલનાડુ (C) કેરળ (D) આસામ **(A)**

3. ત્રિપુરા રાજ્યના પ્રસિદ્ધ તહેવાર 'ખર્ચી પૂજા'માં કેટલા દેવતાઓની પૂજા કરવામાં આવે છે ?

(A) 9 (B) 8 (C) 14 (D) 16 **(C)**

4. તાજેતરમાં 46 વર્ષ બાદ જગન્નાથ મંદિરમાં રત્નભંડાર ખૂલવામાં આવ્યો હતો. આ 'જગન્નાથ મંદિર' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ મંદિરનું નિર્માણ 12મી સદીમાં પૂર્વીય ગંગા વંશના રાજા અનાતવર્મન ચોડાગંગા દેવ દ્વારા કરવામાં આવ્યું હતું.
2. તે ઓડિશાના પૂરીમાં આવેલું છે.
3. શ્રી જગન્નાથ મંદિરને 'યામણિકા તીર્થ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
4. આ મંદિરને 'સફેદ પેગોડા' તરીકે પણ ઓળખવામાં આવતું હતું.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 2, 3 અને 4


(C) માત્ર 1, 2 અને 3 (D) માત્ર 1, 2 અને 4 **(A)**

5. તાજેતરમાં નિવૃત્ત ક્રિકેટરોની 'વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સ' ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થયું હતું. તેમાં કઈ ટીમ વિજેતા બની છે ?

(A) ઈંગ્લેન્ડ (B) ભારત (C) પાકિસ્તાન (D) ઓસ્ટ્રેલિયા **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 15 જુલાઈ, વિશ્વ યુવા કૌશલ દિવસ (World Youth Skills Day)




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 15 જુલાઈના રોજ 'વિશ્વ યુવા કૌશલ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ યુવાનોને રોજગારી અપાવવા સ્કિલ ડેવલપમેન્ટ (કૌશલ નિર્માણ) પર ફોકસ કરવાનો છે.
- કોઈપણ જોબ મેળવવા માટે **Skill** સૌથી અગત્યની બાબત છે. આથી, આ દિવસે સ્કિલ ડેવલપમેન્ટ અંગે જાગૃતિ ફેલાવવામાં આવે છે.
- સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા 18 ડિસેમ્બર, 2014ના રોજ આ દિવસની ઉજવણીનો નિર્ણય કરવામાં આવ્યો હતો.
- ત્યારબાદ 15 જુલાઈ, 2015થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો છે.
- વર્ષ 2024ની 'વિશ્વ યુવા કૌશલ દિવસ'ની થીમ 'Youth Skills for Peace and Development' છે.

### સ્કિલ ઇન્ડિયા મિશન

15 જુલાઈ, 2015ને પ્રથમ 'વિશ્વ યુવા કૌશલ દિવસ'ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ભારતમાં 'સ્કિલ ઈન્ડિયા મિશન' (Skill India Mission) લોન્ચ કરવામાં આવ્યું હતું.

- આ મિશનને 'નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ મિશન' (National Skill Development Mission) તરીકે પણ ઓળખવામાં આવે છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વનું સૌથી ઊંચું 153 ફૂટનું ત્રિશૂલ

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ઘાંટવડ ગાંમમાં શિંગોડો નદીના કિનારે આવેલા રુદ્રેશ્વર મહાદેવ મંદિરે 153 ફૂટના ઊંચા ત્રિશૂલનું અષાઢી ગુપ્ત નવરાત્રીના નવમા નોરતે બપોરે 12:39 વાગ્યે વિધિવત સ્થાપન કરવામાં આવ્યું છે.

- 132 ફૂટના થાંભલા પર 21 ફૂટનું ત્રિશૂલ બનાવાયું છે. જેની કુલ ઊંચાઈ 153 ફૂટની છે.
- અગાઉ ગુજરાતમાં લીમડી પાસે આવેલા ભીમનાથ મહાદેવ મંદિરે સૌથી ઊંચું 125 ફૂટના ત્રિશૂલની સ્થાપના કરાઈ હતી, જ્યારે નેપાળમાં 81 ફૂટ ઊંચું ત્રિશૂલ આવેલું છે.
- ત્રિશૂલનું વજન 450 કિલો છે તેમાં સ્ટીલ અને લોખંડનો ઉપયોગ કરવામાં આવ્યો છે. કુલ વજન 2200 કિલો છે.

- 100 વર્ષ સુધી મજબૂતી યથાવત રહે તે પ્રકારે કામકાજ કરવામાં આવ્યું છે.
- શ્રી ઈન્દ્રભારતી બાપુએ જણાવ્યું હતું કે હાલ જેને લોકો શિંગોડો નદી કહે છે તેનું સાચું નામ ચંકુમતી નદી છે અને તેનો સ્કંદપુરાણમાં પણ ઉલ્લેખ છે.
- આ નદીના કિનારે પાંડવોએ રુદ્રેશ્વર મહાદેવ મંદિરની સ્થાપના કરી હતી અને આ બાબતનો ઉલ્લેખ પણ સ્કંદપુરાણમાં હોવાનું મહંત શ્રી ઈન્દ્રભારતી બાપુએ જણાવ્યું હતું.



## વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ 2024


તાજેતરમાં 1 જુલાઈ થી 14 જુલાઈ, 2024 દરમિયાન ઈંગ્લેન્ડના વિમ્બલ્ડન ખાતે 137મી વિમ્બલ્ડન ચેમ્પિયનશિપનું આયોજન થયું હતું.

- વિમ્બલ્ડન એ વિશ્વની સૌથી જૂની અને સૌથી વધુ પ્રતિષ્ઠિત ટેનિસ ટુર્નામેન્ટ છે.
- ઈ.સ. 1877થી ઈંગ્લેન્ડના લંડનના વિમ્બલ્ડનમાં ઓલ ઈંગ્લેન્ડ ક્લબ (અથવા તો ઓલ ઈંગ્લેન્ડ લોન ટેનિસ એન્ડ ક્રોક્વેટ ક્લબ) ખાતે આ ટુર્નામેન્ટ યોજાય છે.
- આ ટુર્નામેન્ટ ગ્રાસ કોર્ટ (ઘાસના મેદાન) પર રમાય છે.

### વિમ્બલ્ડન 2024 વિજેતા

વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ 2024માં સર્બિયાના શ્રી નોવાક જોકોવિચને પરાજય આપીને સ્પેનના શ્રી કાર્લોસ અલ્કારાઝએ વિમ્બલ્ડન 2024ના 'મેન્સ સિંગલ્સ'નું ટાઈટલ જીતી લીધું છે.

- 21 વર્ષીય શ્રી કાર્લોસ અલ્કારાઝના કેરિયરનું આ ચોથુ ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ છે.
- તેમણે સતત બીજી વખત વિમ્બલ્ડનનો ખિતાબ પોતાના નામે કર્યો છે.
- જ્યારે 'વિમેન્સ સિંગલ્સ' સ્પર્ધામાં ચેક રિપબ્લિકના સુશ્રી બાર્બોરા ક્રેજિકોવાએ આ ટાઈટલ જીત્યું છે.



INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિમ્બલ્ડન 2024 વિજેતા

| ક્રમ | ટાઈટલ | વિજેતા | કોને હરાવીને ? |
|---|---|---|---|
| 1 | મેન્સ સિંગલ્સ | શ્રી કાર્લોસ અલ્કારાઝ (સ્પેન) | શ્રી નોવાક જોકોવિચ (સાર્બિયા) |
| 2 | વિમેન્સ સિંગલ્સ | સુશ્રી બાર્બોરા ક્રેજિકોવા (ચેક રિપબ્લિક) | સુશ્રી જાસ્મીન પાઓલિની (ઈટાલી) |
| 3 | મેન્સ ડબલ્સ | શ્રી હેરી હેલીઓવારા (ફિનલેન્ડ)<br>શ્રી હેનરી પેટેન (યુનાઈટેડ કિંગ્ડમ) | શ્રી મેક્સ પરસેલ (ઓસ્ટ્રેલિયા)<br>શ્રી જોર્ડન થોમ્પસન (ઓસ્ટ્રેલિયા) |
| 4 | વિમેન્સ ડબલ્સ | સુશ્રી કેટરિના સિનિયાકોવા (ચેક રિપબ્લિક)<br>સુશ્રી ટેલર ટાઉનસેન્ડ (અમેરિકા) | સુશ્રી ગેબ્રિએલા ડાબ્રોવસ્કી (કેનેડા)<br>સુશ્રી એરિન રાઉટલિફ (ન્યૂઝિલેન્ડ) |
| 5 | મિક્સ ડબલ્સ | શ્રી જાન ઝિલિન્સકી (પોલેન્ડ)<br>સુશ્રી હસીહ સુ–વેઈ<br>(ચાઈનીઝ તાઈપાઈ–તાઈવાન) | શ્રી સેન્ટિયાગો ગોન્ઝાલેઝ (મેક્સિકો)<br>સુશ્રી જિયુલિયાના ઓલ્મોસ<br>(મેક્સિકો) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ

- ટેનિસની રમતની ચાર સૌથી મોટી ટુર્નામેન્ટમાં નીચે મુજબનો સમાવેશ થાય છે :

  (1) ઓસ્ટ્રેલિયન ઓપન

  (2) ફ્રેન્ચ ઓપન

  (3) વિમ્બલ્ડન

  (4) યુ.એસ. ઓપન
- ટેનિસ રમતની આ ચારેય સૌથી મોટી ટુર્નામેન્ટ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ તરીકે ઓળખાય છે.

## કઈ ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટ ક્યારે યોજાય છે ?

| ક્રમ | ટુર્નામેન્ટ | ક્યારે યોજાય છે ? | ક્યાં યોજાય છે ? | પ્રારંભ | કયા કોર્ટ પર રમાય છે ? |
|---|---|---|---|---|---|
| 1 | ઓસ્ટ્રેલિયન ઓપન | જાન્યુઆરી | મેલબોર્ન | 1905 | હાર્ડકોર્ટ |
| 2 | ફ્રેન્ચ ઓપન | મે/જૂન | પેરિસ | 1891 | ક્લેકોર્ટ |
| 3 | વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ | જૂન/જુલાઈ | લંડન | 1877 | ગ્રાસકોર્ટ |
| 4 | યુ. એસ. ઓપન | ઓગસ્ટ/ સપ્ટેમ્બર | ન્યુયોર્ક | 1881 | હાર્ડકોર્ટ |

- યુએસ ઓપન એ દર વર્ષે વર્ષના અંતે યોજાતી વર્ષની ચોથી અને અંતિમ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- યુ.એસ ઓપન એ હાર્ડકોર્ટ પર રમાતી ટેનિસ ટુર્નામેન્ટ છે.
- ફ્રેન્ચ ઓપન એ ક્લેકોર્ટ પર રમાય છે.
- ઓસ્ટ્રેલિયન ઓપન એ દર વર્ષે વર્ષના પ્રારંભે યોજાતી ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- વિમ્બલ્ડન એ સૌથી જૂની ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.

નોંધ : (1) ટેનિસનું મેદાન કોર્ટ તરીકે ઓળખાય છે.
(2) ટેનિસ ઉપરાંત કબડ્ડી, વોલીબોલ, હેન્ડબોલ, બેડમિન્ટન, નેટબોલ, ખો–ખો વગેરેનું મેદાન પણ કોર્ટ તરીકે જ ઓળખાય છે.

### સૌથી વધુ ગ્રાન્ડ સ્લેમ જીતનાર ખેલાડીઓ

| ક્રમ | ખેલાડી | ટાઈટલ |
|---|---|---|
| 1 | શ્રી નોવાક જોકોવિચ | 24 |
| 2 | શ્રી રાફેલ નડાલ | 22 |
| 3 | શ્રી રોજર ફેડરર | 20 |
| 4 | શ્રી પીટ સેમ્પ્રાસ | 14 |

## Financial Inclusion Index : RBI

તાજેતરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ જાહેરાત કરી હતી કે માર્ચ 2024માં નાણાકીય સમાવેશ ઈન્ડેક્સ (FI-Index) વધીને 64.2 થયો છે.

- જે માર્ચ 2023માં 60.1 હતો.
- આ સુધારો સમગ્ર દેશમાં નાણાકીય સમાવેશમાં નોંધપાત્ર પ્રગતિ દર્શાવે છે.

### નાણાકીય સમાવેશ સૂચકાંક (FI-Index)

ફાઈનાન્શિયલ ઈન્ક્લુઝન ઈન્ડેક્સને એક વ્યાપક ઈન્ડેક્સ તરીકે કલ્પના કરવામાં આવી છે. જેમાં સરકાર અને ક્ષેત્રીય નિયામકો સાથે પરામર્શ કરીને બેન્કિંગ, વીમા, રોકાણ, ટપાલ અને પેન્શન ક્ષેત્રની વિગતો શામેલ છે.

- તે RBI દ્વારા વર્ષ 2021માં કોઈપણ 'Base Year' વિના વિકસાવવામાં આવ્યું હતું.
- RBI દ્વારા દર વર્ષે જુલાઈમાં પ્રકાશિત કરવામાં આવે છે.

## લક્ષ્ય

- સમગ્ર દેશમાં નાણાકીય સમાવેશની હદ માપવા માટે સંયુક્ત નાણાકીય સમાવેશ સૂચકાંક બનાવવો.
- ઈન્ડેક્સમાં તમામ 97 સૂચકાંકોને આવરી લેતી સેવાઓની એક્સેસ, ઉપલબ્ધતા અને ઉપયોગમાં સરળતા અને સેવાઓની ગુણવત્તા માપવા માટે પણ જવાબદાર છે.

## માપદંડ

આ ઈન્ડેક્સ 0 અને 100 ની વચ્ચે એકલ સંખ્યામાં નાણાકીય સમાવેશના વિવિધ પાસાઓ પર માહિતી મેળવે છે.

- જ્યાં 0 સંપૂર્ણ નાણાકીય બાકાતનું પ્રતિનિધિત્વ કરે છે અને 100 સંપૂર્ણ નાણાકીય સમાવેશનું પ્રતિનિધિત્વ કરે છે.
- FI ઈન્ડેક્સની ગણતરી માટે ત્રણ વ્યાપક પરિમાણો છે જે આ મુજબ છે :
  (a) નાણાકીય સેવાઓની એક્સેસ
  (b) નાણાકીય સેવાઓનો ઉપયોગ/વપરાશ
  (c) ઉત્પાદનોની ગુણવત્તા અને સેવા વિતરણ
- આ પરિમાણોનું વજન/ભાર નીચે મુજબ છે :
  (a) એક્સેસ (પ્રવેશ)– 35%
  (b) વપરાશ– 45%
  (c) ગુણવત્તા– 20%
- આ ઈન્ડેક્સ સેવાઓની એક્સેસ, ઉપલબ્ધતા અને ઉપયોગમાં સરળતા અને સેવાઓની ગુણવત્તા માપવા માટે જવાબદાર છે. જે તમામ 97 સૂચકાંકને આવરી લે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મહત્વ

આ ઈન્ડેક્સ નાણાકીય સમાવેશ સ્તર વિશે માહિતી પ્રદાન કરે છે અને આંતરિક નીતિ નિર્માણમાં ઉપયોગ માટે નાણાકીય સેવાઓનું મૂલ્યાંકન પ્રદાન કરે છે.

- તેનો ઉપયોગ પ્રત્યક્ષ વિકાસ સૂચકાંકોમાં એકંદર માપ તરીકે થઈ શકે છે.
- તે G-20 નાણાકીય સમાવેશ સૂચક જરૂરિયાતોને પૂર્ણ કરવા સક્ષમ છે.
- તે સંશોધકોને નાણાકીય સમાવેશ અને અન્ય મેક્રો–ઈકોનોમિક વેરિયેબલ્સની અસરોનો અભ્યાસ કરવાની મંજૂરી આપે છે.

**નોંધ :** G-20 સૂચકો રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે નાણાકીય સમાવેશ અને ડિજિટલ નાણાકીય સેવાઓની સ્થિતિને માપે છે.

## નાણાકીય સમાવેશ શું છે ?

નાણાકીય સમાવેશ એ ઓછી આવક ધરાવતા લોકો અને સમાજના વંચિત વર્ગને સસ્તુ અને ચૂકવણી, બચત, લોન વગેરે જેવી નાણાકીય સેવાઓ પ્રદાન કરવાનો પ્રયાસ કરે છે. તેને <u>'સમાવેશ ધિરાણ'</u> પણ કહેવામાં આવે છે.

- ભારત જેવા વૈવિધ્યસભર દેશમાં નાણાકીય સમાવેશ એ વિકાસ પ્રક્રિયાનો એક મહત્વપૂર્ણ ભાગ છે.
- આઝાદી બાદથી સરકારો, નિયમનકારી સંસ્થાઓ અને નાગરિક સમાજના સંયુક્ત પ્રયાસોએ દેશમાં નાણાકીય સમાવેશની પદ્ધતિને મજબૂત બનાવવામાં મદદ કરી શકે છે.
- બેંક ખાતામાં પ્રવેશ મેળવવો એ વ્યાપક નાણાકીય સમાવેશ તરફનું પગલું છે કારણ કે ટ્રાન્ઝેક્શન એકાઉન્ટ લોકોને જમા કરવા, ચૂકવણી કરવા અને નાણાં પ્રાપ્ત કરવાની મંજૂરી આપે છે.
- ટ્રાન્ઝેક્શન એકાઉન્ટ અન્ય નાણાકીય સેવાઓના પ્રવેશદ્વાર તરીકે કાર્ય કરે છે.



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ‘વિશ્વ યુવા કૌશલ દિવસ’ અથવા તો ‘વર્લ્ડ યુથ ડે’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 15 જુલાઈ (B) 16 જુલાઈ (C) 17 જુલાઈ (D) 18 જુલાઈ — (A)

2. ‘વિશ્વ યુવા કૌશલ દિવસ’ની ઉજવણીનો પ્રારંભ ક્યારથી થયો હતો ?
   (A) 2013 (B) 2014 (C) 2015 (D) 2016 — (C)

3. વર્ષ 2024ની ‘વિશ્વ યુવા કૌશલ દિવસ’ની થીમ શું છે ?
   (A) Youth Skills for Peace and Development
   (B) Transforming youth skills for the future
   (C) Learning and sustainability
   (D) Skills for the future of the work — (A)

4. તાજેતરમાં વિશ્વનું સૌથી ઊંચું 153 ફૂટનું ત્રિશુલનું કયાં સ્થાપન કરવામાં આવ્યું છે ?
   (A) ઘાંટવડ, કોડીનાર (B) વઢવાણ, સુરેન્દ્રનગર
   (C) નાગેશ્વર, દ્વારકા (D) જડેશ્વર, મોરબી — (A)

5. વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ 2024માં ‘મેન્સ સિંગલ્સ’ ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ શું છે ?
   (A) શ્રી રોજર ફેડરર (B) શ્રી નોવાક જોકોવિચ
   (C) શ્રી નિક કિર્ગયોસ (D) શ્રી કાર્લોસ અલ્કારાઝ — (D)

6. વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ 2024માં ‘મેન્સ સિંગલ્સ’ ટાઈટલ જીતનાર શ્રી કાર્લોસ અલ્કારાઝના દેશનું નામ જણાવો ?
   (A) સ્વિટ્ઝર્લેન્ડ (B) સ્પેન (C) જર્મની (D) સર્બિયા — (B)

7. વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ 2024માં ‘વિમેન્સ સિંગલ્સ’ ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ શું છે ?
   (A) સુશ્રી એલેના રાઈબકીના (B) સુશ્રી ઓન્સ જબેર
   (C) સુશ્રી બાર્બોરા ક્રેજિકોવા (D) સુશ્રી કેટરિના સિનેકોવા — (C)

8. તાજેતરમાં RBIએ FI-Index બહાર પાડ્યો છે. આ FI-Indexનું પૂરું નામ જણાવો ?
   (A) Financial Inclusion Index (B) Financial India Index
   (C) Future Inclusion Index (D) Future India Index — (A)

9. RBI દ્વારા Financial Inclusion Indexને દર વર્ષે કયા મહિનામાં પ્રકાશિત કરવામાં આવે છે ?
   (A) નવેમ્બર (B) ડિસેમ્બર (C) ફેબ્રુઆરી (D) જુલાઈ — (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 16 જુલાઈ, વિશ્વ સાપ દિવસ (World Snake Day)

## શ્રીમતી અરૂણા અસફ અલી જન્મજયંતિ




16 જુલાઈના રોજ ભારતીય સ્વાતંત્ર્યસેનાની અરૂણા અસફ અલીની જન્મજયંતિ ઉજવવામાં આવી હતી.

### શ્રીમતી અરૂણા અસફ અલી

ભારતીય સ્વતંત્રતા સેનાની, શિક્ષણવિદ્ અને રાજકીય કાર્યકર શ્રીમતી અરૂણા અસફ અલીનો જન્મ 16 જુલાઈ, 1909ના રોજ પંજાબના કાલ્કા નામના સ્થળે થયો હતો.

- તેમનું મૂળનામ શ્રીમતી અરૂણા ગાંગુલી છે.
- ભારતીય સ્વાતંત્રતા ચળવળમાં શ્રીમતી અરૂણા અસફ અલીની મુખ્ય ભૂમિકા હતી. તેમણે શ્રી અસફ અલી સાથે લગ્ન કર્યા બાદ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સભ્ય બન્યા હતા.
- 8 ઓગસ્ટ, 1942ના રોજ અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ દ્વારા મુંબઈ અધિવેશનમાં 'ભારત છોડો' પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. આ સમયે બ્રિટિશ સરકારે કોંગ્રેસ કાર્યકારી સમિતિના નેતાઓ સહિત મોટા નેતાઓની ધરપકડ કરી હતી.
- મોટા નેતાઓની ગેરહાજરીમાં 9 ઓગસ્ટના રોજ અધિવેશનની અધ્યક્ષતા સંભાળતા શ્રીમતી અરૂણા અસફ અલીએ ગોવાલિયા ટેંકના મેદાનમાં ઝંડો લહેરાવ્યો હતો અને ભારત છોડો આંદોલનની શરૂઆત કરી હતી.
- તેમને ભારતીય સ્વતંત્રતા ચળવળના 'ગ્રાન્ડ ઓલ્ડ લેડી' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- વર્ષ 1997માં તેમને 'ભારત રત્ન' (મરણોત્તર) એનાયત કરવામાં આવ્યો હતો.

## સંવિધાન હત્યા દિવસ




તાજેતરમાં કેન્દ્ર સરકારે 25 જૂનને 'બંધારણ હત્યા દિવસ' અથવા 'સંવિધાન હત્યા દિવસ' તરીકે જાહેર કર્યો છે.

- કેન્દ્ર સરકારે જાહેરનામુ બહાર પાડીને આ દિવસની ઉજવણીની જાહેરાત કરી હતી.
- આ દિવસ વર્ષ 1975ની કટોકટી સાથે સંબંધિત છે.
- 25 જૂન, 1975ના રોજ ભારતમાં કટોકટીની જાહેરાત કરવામાં આવી હતી.
- 25 જૂન, 1975 થી 21 માર્ચ, 1977 સુધીનો સમયગાળો કટોકટીનો સમયગાળો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તત્કાલીન વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીની સલાહ પર તત્કાલીન રાષ્ટ્રપતિ ફખરૂદ્દીન અલી અહેમદે 25 જૂન, 1975ના રોજ 'આંતરિક અશાંતિ'ના આધારે અનુચ્છેદ-352 હેઠળ કટોકટીની સ્થિતિ જાહેર કરી હતી.
- આ સમયગાળા દરમિયાન ભારતના લોકતાંત્રિક કાર્યોની અવગણના કરવામાં આવી હતી. આથી તેણે ભારતના સામાજિક અને રાજકીય દષ્ટિકોણ પર પ્રતિકૂળ અસર કરી હતી.

**નોંધ :** ભારતમાં કટોકટી અંગેની બંધારણીય જોગવાઈઓની માહિતી ICE Magic Week-27 (2024)માં પેજ નંબર 8 થી પેજ નંબર 19 સુધી સંપૂર્ણ માહિતી આપવામાં આવી છે.

## યૂરો કપ 2024 : સ્પેન ચેમ્પિયન

યૂરો કપ 2024નું આયોજન 14 જૂન થી 14 જુલાઈ 2024 દરમિયાન થયું હતું.

- યૂરો કપ 2024નો યજમાન દેશ જર્મની હતો.
- યૂરો કપ 2024ની ફાઈનલ મેચમાં સ્પેનએ ઈંગ્લેન્ડને 2-1 થી હરાવી આ કપ જીતી લીધો હતો.
- સ્પેનએ ચોથી વખત યૂરો કપ અથવા યુરોપીયન ફૂટબોલ ચેમ્પિયનશિપનું ટાઈટલ જીત્યું છે.
- જર્મનીમાં 10 સ્થળોએ આ ટુર્નામેન્ટનું આયોજન થયું હતું.
- યૂરો કપ 2024માં 24 ટીમોએ ભાગ લીધો હતો.



## સેમી ફાઈનલ મેચ




યૂરો કપ 2024ની સેમી ફાઈનલ મેચમાં નીચેની ચાર ટીમોએ પ્રવેશ કર્યો હતો.

(1) સ્પેન (2) ફ્રાન્સ (3) નેધરલેન્ડ (4) ઈંગ્લેન્ડ

- જેમાં સ્પેનએ ફ્રાન્સને હરાવીને અને ઈંગ્લેન્ડએ નેધરલેન્ડને હરાવી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

## ફાઈનલ મેચ



યૂરો કપ 2024ની ફાઈનલ મેચ બર્લિનના ઓલિમ્પિયાસ્ટેડિયન ખાતે યોજાઈ હતી.

- યૂરો કપ 2024ની ફાઈનલ મેચ સ્પેન અને ઈંગ્લેન્ડ વચ્ચે યોજાઈ હતી.
- જેમાં સ્પેનએ ઈંગ્લેન્ડને 2-1 થી હરાવી આ કપ જીતી લીધો હતો.

## યૂરો કપ 2024 વિશે કેટલીક અગત્યની માહિતી

આ ટુર્નામેન્ટ યૂરો કપ અથવા UEFA યુરોપિયન ફૂટબોલ ચેમ્પિયનશિપની 17મી આવૃત્તિ હતી.

- જર્મનીમાં યોજાયેલ આ ટુર્નામેન્ટમાં કુલ 24 ટીમોએ ભાગ લીધો હતો.
- આ અગાઉ યૂરો કપ 2020 (2021માં આયોજિત)માં ઈટાલી ચેમ્પિયન બન્યું હતું.
- યૂરો કપ 2024ની કુલ 51 મેચોમાં 117 ગોલ કરવામાં આવ્યા હતા.
- આ ટુર્નામેન્ટમાં 'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ' સ્પેનના રોદ્રી અથવા રોડ્રીને એનાયત કરવામાં આવ્યો હતો.
- આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ ગોલ હેરી કેન, કોડી ગાકપો, જ્યોર્જ મિકાઉટાડ્ઝ, ઈવાન શ્રાન્ઝ, જમાલ મુસિયાલા અને ડેની ઓલ્મોએ કર્યા હતા.
- આ તમામ ખેલાડીએ 3-3 (પ્રત્યેક દીઠ-3) ગોલ ફટકાર્યા હતા. (પ્રત્યેક વચ્ચે ગોલ્ડન શૂઝ એવોર્ડ)
- સ્પેનના લેમીન યમલને યંગ પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટનો એવોર્ડ મળ્યો હતો.

## યૂરો કપ



યૂરો કપને UEFA European Championship તરીકે પણ ઓળખવામાં આવે છે.

- તે 'યોરોપિયન ફૂટબોલ ફેડરેશન ગ્રુપ'ના સભ્ય દેશો વચ્ચે યોજાતી ફૂટબોલ ટુર્નામેન્ટ છે.
- 'ફિફા વર્લ્ડ કપ' પછી યૂરો કપ વિશ્વની બીજી સૌથી મહત્ત્વપૂર્ણ ફૂટબોલ ટૂર્નામેન્ટ તરીકે જાણીતી છે.
- 1960થી દર ચાર વર્ષે તેમનું આયોજન કરવામાં આવે છે.
- અત્યાર સુધીમાં આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ વિજેતા સ્પેન છે, સ્પેનએ 4 વખત યૂરો કપ જીત્યો છે.

## આર્જેન્ટિનાએ વિક્રમી 16મી વખત કોપા અમેરિકા કપ જીત્યો

ફૂટબોલની પ્રસિદ્ધ ટુર્નામેન્ટ કોપા અમેરિકા 2024નું આયોજન 20 જૂન થી 14 જુલાઈ 2024 દરમિયાન યુનાઈટેડ સ્ટેટ્સમાં કરવામાં આવ્યું હતું.

- કોપા અમેરિકા 2024ની ફાઈનલ મેચ ફ્લોરિડાના હાર્ડ રોક સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી.
- કોપા અમેરિકા 2024ની ફાઈનલ મેચ આર્જેન્ટિના અને કોલંબિયા વચ્ચે યોજાઈ હતી.
- ફાઈનલ મેચમાં આર્જેન્ટિનાએ 1-0 થી કોલંબિયાને હરાવી આ કપ જીતી લીધો હતો.
- આ સાથે આર્જેન્ટિનાએ વિક્રમી 16મી વખત કોપા અમેરિકા ફૂટબોલ ટૂર્નામેન્ટનું ટાઈટલ જીત્યું છે.



- આ ટુર્નામેન્ટમાં 32 મેચોમાં 70 ગોલ થયા હતા.
- જેમાં સૌથી વધુ 5 ગોલ આર્જેન્ટિનાના લૌટોરા માર્ટિનેઝએ કર્યા હતા. ગોલ્ડન બૂટ એવોર્ડ પણ તેમને એનાયત થયો હતો.
- આ ટુર્નામેન્ટમાં શ્રેષ્ઠ ખેલાડીનો એવોર્ડ કોલંબિયાના જેમ્સ રોડ્રિગ્ઝને એનાયત થયો હતો.
- જ્યારે શ્રેષ્ઠ ગોલકીપરનો એવોર્ડ એમિલિયાનો માર્ટિનેઝ (આર્જેન્ટિના) અને ફેર પ્લે એવોર્ડ કોલંબિયાને એનાયત થયો છે.

નોંધ : (1) કોપા અમેરિકા આંતરરાષ્ટ્રીય ફૂટબોલ સ્પર્ધા છે. તેની સ્થાપના વર્ષ 1916માં કરવામાં આવી હતી.
(2) જેમાં મુખ્યત્વે દક્ષિણ અમેરિકન ફૂટબોલ ફેડરેશનની ટીમો ભાગ લે છે.
(3) વર્ષ 1990 પછી એશિયન અને ઉત્તર અમેરિકાની ટીમો પણ ભાગ લે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE E

## પ્રસિદ્ધ બોલર જેમ્સ એન્ડરસને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી

ઈંગ્લેન્ડના પ્રસિદ્ધ ફાસ્ટ બોલર જેમ્સ એન્ડરસને 41 વર્ષની વયે નિવૃત્તિ જાહેર કરી છે.




- જેમ્સ એન્ડરસને તેની કારકિર્દીની છેલ્લી ટેસ્ટ મેચ વેસ્ટ ઈન્ડિઝ સામે રમી હતી.
- જેમ્સ એન્ડરસને અગાઉ T-20 અને વન–ડે મેચમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી.

### જેમ્સ એન્ડરસન

જેમ્સ એન્ડરસનનો જન્મ 30 જુલાઈ, 1982ના રોજ ઈંગ્લેન્ડના બર્નલી, લેન્કેશાયર ખાતે થયો હતો.

- જેમ્સ એન્ડરસને વર્ષ 2002માં ઓસ્ટ્રેલિયા સામે વન–ડે ક્રિકેટમાં ડેબ્યુ કર્યું હતું.

- વર્ષ 2003માં ટેસ્ટ ક્રિકેટમાં તેમણે ઝિમ્બાબ્વે સામે ડેબ્યૂ કર્યુ હતું.
- જ્યારે T-20માં વર્ષ 2007માં ઓસ્ટ્રેલિયા સામે ડેબ્યૂ કર્યુ હતું.
- તેમણે 188 ટેસ્ટ મેચમાં 704 વિકેટ ઝડપી છે.
- તથા 194 વન–ડે મેચમાં 269 વિકેટ અને 19 T-20 મેચમાં 18 વિકેટ ઝડપી છે.
- તે ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં તેની છેલ્લી મેચ દરમિયાન 40,000 કે તેથી વધુ બોલ ફેંકનાર પ્રથમ ઝડપી બોલર બન્યો હતો.
- એન્ડરસન ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેનારો ત્રીજો બોલર છે.
- ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેવાના મામલે એન્ડરસન શ્રીલંકાના મુથૈયા મુરલીધરન (800) અને ઓસ્ટ્રેલિયાના શેન વોર્ન (708) વિકેટ પછી ત્રીજા સ્થાને છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ‘વિશ્વ સાપ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 જુલાઈ (B) 15 જુલાઈ (C) 16 જુલાઈ (D) 17 જુલાઈ **(C)**

2. નીચેનામાંથી કઈ ચળવળ સાથે અરૂણા અસફ અલી ભૂગર્ભ પ્રવૃત્તિના મહિલા આયોજક તરીકે જોડાયેલા હતા ?

(A) ભારત છોડો આંદોલન (B) સવિનય સહકાર ચળવળ
(C) સ્વદેશી ચળવળ (D) અસહકાર ચળવળ **(A)**

3. તાજેતરમાં કેન્દ્ર સરકારે કયા દિવસને ‘સંવિધાન હત્યા દિવસ’ તરીકે જાહેર કર્યો છે ?

(A) 20 જૂન (B) 25 જૂન (C) 25 જુલાઈ (D) 1 ઓગસ્ટ **(B)**

4. તાજેતરમાં યોજાયેલ ‘યૂરો કપ 2024’માં કઈ ટીમ વિજેતા બની છે ?

(A) ઈંગ્લેન્ડ (B) ઈટાલી (C) જર્મની (D) સ્પેન **(D)**

5. તાજેતરમાં યોજાયેલ ‘કોપા અમેરિકા કપ 2024’માં કઈ ટીમ વિજેતા બની છે ?

(A) આર્જેન્ટિના (B) કોલંબિયા (C) ઈટાલી (D) બ્રાઝિલ **(A)**

6. ‘કોપા અમેરિકા કપ’ અને ‘યૂરો કપ’ કઈ રમત સાથે સંકળાયેલ ટૂર્નામેન્ટ છે ?

(A) હોકી (B) ક્રિકેટ (C) ફૂટબોલ (D) ટેનિસ **(C)**


7. તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરનાર જેમ્સ એન્ડરસન કયા દેશના ખેલાડી છે ?

(A) ઈંગ્લેન્ડ (B) ઓસ્ટ્રેલિયા (C) દ.આફ્રિકા (D) ન્યૂઝિલેન્ડ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 17 જુલાઈ, (1) વિશ્વ આંતરરાષ્ટ્રીય ન્યાય દિવસ (World Day for International Justice)
## (2) વિશ્વ ઈમોજી દિવસ (World Emoji Day)

## SDG India Index 2023-24 : નીતિ આયોગ



NITI આયોગે 2023-24 માટે તેનો નવીનતમ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ (SDG) ઈન્ડિયા ઈન્ડેક્સ બહાર પાડ્યો છે.

- નોંધનીય છે કે SDG ઈન્ડિયા ઈન્ડેક્સની આ ચોથી આવૃત્તિ છે.

### SDG India Index શું છે ?

SDG ઈન્ડિયા ઈન્ડેક્સ એ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા નિર્ધારિત SDG તરફ ભારતની પ્રગતિને માપવા અને ટ્રેક કરવા માટે નીતિ આયોગ દ્વારા વિકસિત એક સાધન છે.

- ડિસેમ્બર, 2018માં સૌપ્રથમ લોન્ચ કરવામાં આવેલ આ ઈન્ડેક્સ ભારતમાં SDG પર પ્રગતિનું નિરીક્ષણ કરવા માટેનું પ્રાથમિક સાધન બની ગયું છે.
- તે રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ સાથે સંરેખિત સૂચકોના સમૂહનો ઉપયોગ કરીને રાષ્ટ્રીય પ્રગતિને માપે છે.
- આ ઈન્ડેક્સ ભારતમાં સંયુક્ત રાષ્ટ્રના સહયોગથી વિકસાવવામાં આવ્યો છે.
- તે આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના રાષ્ટ્રીય સૂચક ફ્રેમવર્ક (National Indicator Framework-NIF) સાથે સંરેખિત 113 સૂચકાંકો પર તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની પ્રગતિને ટ્રેક કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કેવી રીતે ક્રમ આપવામાં આવે છે ?

SDG ઈન્ડિયા ઈન્ડેક્સ સ્કોર 0-100ની વચ્ચે હોય છે.

- જેમાં ઉચ્ચ સ્કોર SDG લક્ષ્યો તરફ વધુ પ્રગતિ દર્શાવે છે.
- રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ઈન્ડેક્સ સ્કોરના આધારે ચાર શ્રેણીઓમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે :

| ક્રમ | કેટેગરી | સ્કોર |
|---|---|---|
| 1 | મહત્ત્વાકાંક્ષી | 0-49 |
| 2 | પર્ફોર્મર | 50-64 |
| 3 | ફ્રન્ટ–રનર | 65-99 |
| 4 | અચિવર | 100 |

## 2023-24 માટે SDG ઈન્ડિયા ઈન્ડેક્સની મુખ્ય હાઈલાઈટ્સ

ભારતનો એકંદર SDG સ્કોર 2020-21માં 66થી વધીને 2023-24માં 71 થયો છે.

- જે SDG હાંસલ કરવા તરફના નોંધપાત્ર પગલાને પ્રતિબિંબિત કરે છે.
- તમામ રાજ્યોએ એકંદર સ્કોરમાં સુધારો દર્શાવ્યો છે.
- ગરીબી ઘટાડવા, આર્થિક વૃદ્ધિ અને આબોહવાની ક્રિયામાં લક્ષ્યાંકિત સરકારી હસ્તક્ષેપો દ્વારા મોટા ભાગે પ્રગતિ કરવામાં આવી છે.

## ટોચના પર્ફોર્મન્સ

કેરળ અને ઉત્તરાખંડ શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા રાજ્યો તરીકે ઉભરી આવ્યા છે, દરેકે 79 પોઈન્ટ મેળવ્યા છે.

## સૌથી નીચો પર્ફોર્મર

બિહાર 57 પોઈન્ટના સ્કોર સાથે પાછળ છે, ત્યારબાદ ઝારખંડ 62 પોઈન્ટ સાથે છે.

## ફ્રન્ટ-રનર રાજ્યો

અરૂણાચલ પ્રદેશ, આસામ, છત્તીસગઢ અને ઉત્તરપ્રદેશ સહિત 10 નવા પ્રવેશકો સાથે 32 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો ફ્રન્ટ–રનર કેટેગરીમાં છે.

## મુખ્ય SDG સિદ્ધિઓ

(1) SDG Goal-1 : No Poverty (કોઈ ગરીબ નહિ)

- સ્કોર 2020-21માં 60 થી વધી 2023-24માં 72 થયો છે.
- 2013-14 અને 2022-23 વચ્ચે બહુપરિમાણીય ગરીબીમાંથી 24.8 કરોડ લોકો બહાર નીકળ્યા છે.
- 97.7% લોકોને 2023-24માં મનરેગા હેઠળ રોજગારની માંગ કરતી વ્યક્તિઓને રોજગાર પ્રદાન કરવામાં આવ્યો છે.

(2) SDG Goal-2 : Zero Hunger (શૂન્ય ભૂખ)

- એસ્પિરન્ટથી પર્ફોમર કેટેગરી સુધીના એકંદર સંયુક્ત સ્કોરમાં સુધારો થયો છે.
- નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ (NFSA), 2013 હેઠળ 99.01% લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે.

(3) SDG Goal-3 : સારું સ્વાસ્થ્ય અને સુખાકારી

- એકંદર સ્કોર 2018માં 52થી વધીને 2023-24માં 77 થયો છે.

INSTITUTE OF COMPETITIVE EXAMS

- મુખ્ય આરોગ્ય સૂચકાંકો, જેમ કે માતૃત્વ મૃત્યુ દર (97) અને પાંચ વર્ષથી ઓછી વયના મૃત્યુ દર (32) એ નોંધપાત્ર સુધારો દર્શાવ્યો છે.
- ઉચ્ચ રસીકરણ કવરેજ (93.2%) અને સંસ્થાકીય ડિલિવરી (97.8%) નિર્ણાયક યોગદાનકર્તાઓ છે.

(4) SDG Goal-4 : ગુણવત્તાયુક્ત શિક્ષણ

- પ્રાથમિક શિક્ષણ માટે એડજેસ્ટેડ નેટ એનરોલમેટ રેટ (ANER) 2021-22 માટે 96.5% છે, જે 2018-19માં 87.26% હતો.
- 2021-22 માટે વિદ્યાર્થી શિક્ષક ગુણોત્તર 18 છે, આમ 30નો લક્ષ્યાંક હાંસલ કર્યો છે.
- 88.65% શાળાઓમાં વીજળી અને પીવાનું પાણી બંને ઉપલબ્ધ છે.

(5) SDG Goal-5 : લિંગ સમાનતા

- એકંદર સ્કોર 2018માં 36 થી વધીને 2023-24માં 49 થયો છે.
- જન્મ સમયે લિંગ ગુણોત્તર 929 છે. (1000 પુરુષ દીઠ સ્ત્રીઓ)

(6) SDG Goal-6 : શુદ્ધ પાણી અને સ્વચ્છતા

- 2018માં 63 થી 2023-24માં 89 સ્કોરમાં નોંધપાત્ર સુધારો થયો છે.
- તમામ વ્યક્તિગત ઘરગથ્થુ શૌચાલય લક્ષ્યાંક સામે બાંધવામાં આવ્યા છે. અને તમામ જિલ્લાઓએ SBM(G) હેઠળ ODF હોવાનું ચકાસ્યું છે.
- 94.7% શાળાઓમાં કન્યાઓ માટે કાર્યાત્મક શૌચાલય છે.

(7) SDG Goal-7 : સસ્તુ અને સ્વચ્છ ઊર્જા

- તમામ SDGમાં સૌથી વધુ સ્કોર પણ નોંધપાત્ર સુધારો 2018માં 51થી 2023-24માં 96 થયો છે.
- સૌભાગ્ય યોજના હેઠળ 100% ઘરોમાં વીજળી છે.
- ઘરોમાં નોંધપાત્ર સુધારો સ્વચ્છ રસોઈ ઈંધણ (LPG + PNG) કનેક્શન 92.02% (2020) થી 96.35% (2024) છે.

(8) SDG Goal-8 : યોગ્ય કાર્ય અને આર્થિક વૃદ્ધિ

- 2022-23માં સ્થિર ભાવે ભારતના માથાદીઠ GDPનો 5.88% વાર્ષિક વૃદ્ધિ દર
- બેરોજગારીનો દર 2018-19માં 6.2%થી ઘટીને 2022-23માં 3.40% થયો છે.
- લેબર ફોર્સ પાર્ટિસિપેશન રેટ (LFPR)(%)(15-59 વર્ષ) 2018-19માં 53.6%થી વધીને 2022-23માં 61.60% થયો છે.

- 57.70% પરિવારોમાં એક સભ્ય બેંક અથવા પોસ્ટ ઓફિસ એકાઉન્ટ ધરાવતો હોય છે.

(9) SDG Goal-9 : ઉદ્યોગ નવીનતા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર

- 2018માં 41ના સ્કોરથી 2023-24માં 61 સુધીનો સુધારો
- PM ગ્રામ સડક યોજના હેઠળ 99.70% લક્ષિત રહેઠાણો તમામ હવામાન–રસ્તા સાથે જોડાયેલા છે.
- 93.3% પરિવારો ઓછામાં ઓછો એક મોબાઈલ ફોન ધરાવે છે.
- 95.8% ગામડાઓમાં 3G/4G મોબાઈલ ઈન્ટરનેટ કવરેજ છે.

(10) SDG Goal-10 : અસમાનતામાં ઘટાડો

- પંચાયતી રાજ સંસ્થાઓની 45.61% બેઠકો મહિલાઓ પાસે છે.
- રાજ્યની વિધાનસભાઓમાં SC/ST વ્યક્તિઓનું 28.57% પ્રતિનિધિત્વ

(11) ટકાઉ શહેરો અને સમુદાયો :

- 2018માં 39 થી 2023-24માં 83 સ્કોરમાં નોંધપાત્ર સુધારો

(12) SDG Goal-12 : જવાબદાર વપરાશ અને ઉત્પાદન

- 2022માં ઉત્પાદિત બાયોમેડિકલ કચરાના 91.5%ની સારવાર કરવામાં આવી છે.
- 2022-23માં ઉત્પન્ન થયેલા કુલ જોખમી કચરામાંથી 54.99% જોખમી કચરો રિસાયકલ/ઉપયોગમાં લેવાયો છે, જે 2018-19માં 44.89%ની સરખામણીમાં વધારો છે.

(13) SDG Goal-13 : ક્લાઈમેટ એક્શન

- SDG ઈન્ડિયા ઈન્ડેક્સ 4 (2023-24)માં 2020-21માં 54 (પર્ફોમર કેટેગરી) થી 67 (ફ્રન્ટ રનર કેટેગરી)માં ધરખમ સુધારો.
- ડિઝાસ્ટર રેઝિલિયન્સ ઈન્ડેક્સ મુજબ આપત્તિ સજ્જતાનો સ્કોર 19.20 છે.
- 94.86% ઉદ્યોગો પર્યાવરણીય ધોરણોનું પાલન કરે છે.

(14) SDG Goal-14 : પાણી નીચે જીવન

- સૂચકાંક માટે સંયુક્ત સ્કોરની ગણતરીમાં Goal 14નો સમાવેશ કરવામાં આવ્યો નથી કારણ કે તે ફક્ત નવ દરિયાકાંઠાના રાજ્યોને સંબંધિત છે.

(15) SDG Goal-15 : જમીન પર જીવન

- સ્કોર 2020-21માં 66થી વધીને 2023-24માં 75 થયો છે.
- લગભગ 25% ભૌગોલિક વિસ્તાર જંગલો અને વૃક્ષોના આવરણ હેઠળ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(16) SDG Goal-16 : શાંતિ, ન્યાય અને મજબૂત સંસ્થાઓ

- માર્ચ 2024 સુધીમાં 95.5% વસતી આધાર કવરેજ હેઠળ છે.
- NFHS-5 (2019-21) મુજબ પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકો 89% જન્મ નોંધાયેલા છે.
- NCRB 2022 મુજબ IPC ગુનાઓનો 71.3% ચાર્જશીટ દર

## નીતિ આયોગ

નીતિ આયોગમાં NITIનું પૂરું નામ 'National Institution for Transforming India' છે.

- 1 જાન્યુઆરી, 2015 થી સરકાર દ્વારા આયોજન પંચના સ્થાને નીતિ આયોગની શરૂઆત કરવામાં આવી હતી.
- આયોજન પંચની રચના 15 માર્ચ, 1950ના રોજ કરવામાં આવી હતી.
- નીતિ આયોગ બંધારણીય કે વૈધાનિક (Statutory) સંસ્થા નથી, પરંતુ કેન્દ્રીય મંત્રી મંડળના આદેશ દ્વારા નિર્મિત એક ગેરબંધારણીય કારોબારી સંસ્થા છે.
- નીતિ આયોગ એ ભારત સરકારની 'થિંક ટેંક' (Think Tank) છે.
- જે નીતિગત અને દિશાસૂચક એમ બંને પ્રકારના કાર્યો કરે છે.

## નીતિ આયોગનું માળખું

- અધ્યક્ષ : વડાપ્રધાન (હોદ્દાની રૂએ)
- ઉપાધ્યક્ષ : વડાપ્રધાન દ્વારા નિયુક્ત કરવામાં આવશે
- CEO : નિશ્ચિત કાર્યકાળ માટે વડાપ્રધાન દ્વારા નિમણૂક, ભારત સરકારના સચિવ સમકક્ષ હોદો
- ગવર્નિંગ કાઉન્સિલ : તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ અને કેન્દ્રશાસિત પ્રદેશોના લેફટનન્ટ ગવર્નરો
- પ્રાદેશિક પરિષદ : વડાપ્રધાન અથવા તેમના દ્વારા નામાંકિત વ્યક્તિ ચોક્કસ પ્રાદેશિક મુદ્દાઓને સંબોધવા માટે મુખ્યમંત્રીઓ અને લેફ્ટ્નન્ટ ગવર્નરોની બેઠકની અધ્યક્ષતા કરે છે.
- એડ–હોક સભ્યપદ : અગ્રણી સંશોધન સંથાઓમાંથી રોટેશનલ પર 2 હોદ્દેદાર સભ્યો.
- પૂર્વ– અધિકારી સભ્યો : વડાપ્રધાન શ્રી દ્વારા નોમિનેટ કરાયેલ કેન્દ્રીય મંત્રીપરિષદના વધુમાં વધુ ચાર સભ્યો.
- ખાસ આમંત્રિત સભ્યો : વડાપ્રધાનશ્રી દ્વારા નામાંકિત વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતો

## નીતિ આયોગના બે મુખ્ય કેન્દ્રો

- ટીમ ઈન્ડિયા હબ : રાજ્યો અને કેન્દ્ર વચ્ચે ઈન્ટરફેસ તરીકે કાર્ય કરે છે.
- નોલેજ અને ઈનોવેશન હબ : નીતિ આયોગની થિંક–ટેંકની જેમ કામ કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નીતિ આયોગના ઉદ્દેશ્યો

- મજબૂત રાજ્યો મજબૂત રાષ્ટ્રો બનાવે છે તથા દેશના વિકાસમાં રાજ્યનો ફાળો મહત્ત્વનો છે. આથી દેશના કોઈપણ નીતિગત કાર્યોમાં રાજ્યોની સક્રિય ભાગીદારી આવશ્યક છે. રાજ્યોની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવાનું કાર્ય નીતિ આયોગ કરે છે. રાજ્યોની ભાગીદારી એ સહકારી સંઘવાદની ભાવનાને પરિપૂર્ણ કરે છે.
- ગ્રામ્ય સ્તરે યોજનાઓના અસરકારક અમલીકરણ માટે યોગ્ય પ્રક્રિયાઓનો વિકાસ કરવો અને તેનું મૂલ્યાંકન કરવું.
- સમાજના એવા વર્ગો પર વિશેષ ધ્યાન આપવું કે જેમને આર્થિક પ્રગતિનો પૂરતો લાભ મળતો નથી.
- મુખ્ય હિસ્સેદારો, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય થિંક ટેન્ક જેમ કે શૈક્ષણિક અને નીતિ સંશોધન સંસ્થાઓ વચ્ચે ભાગીદારીને પ્રોત્સાહિત કરવું.
- રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો, પેક્ટિશનરો અને અન્ય ભાગીદારો સાથે મળીને જ્ઞાન, નવીનતા અને સાહસિકતા સહાયક પ્રણાલીઓનું નિર્માણ કરવું.
- વિકાસ એજન્ડાના અમલીકરણને ઝડપી બનાવવા માટે આંતર–ક્ષેત્રિય અને આંતર–વિભાગીય મુદ્દાઓના નિરાકરણ માટે પ્લેટફોર્મ પૂરું પાડવું.
- સરકાર દ્વારા બનાવવામાં આવતી કોઈપણ આર્થિક નીતિ કે અન્ય બાબતોમાં રાષ્ટ્રીય સુરક્ષા સુનિશ્ચિત કરવી.

## નીતિ આયોગ અને આયોજન પંચ

| નીતિ આયોગ | આયોજન પંચ |
|---|---|
| (1) સ્થાપના : 1 જાન્યુઆરી, 2015 (આયોજન પંચના સ્થાને) | (1) સ્થાપના : 15 માર્ચ, 1950 |
| (2) તે સલાહકાર 'થિંક ટેંક' તરીકે કામ કરે છે. | (2) તે બંધારણીય સંસ્થા તરીકે કામ કરતી હતી, જ્યારે તેને આવો દરજ્જો મળ્યો ન હતો. |
| (3) તે સભ્યોની વ્યાપક કુશળતા પર ભાર મુકે છે. | (3) તેની પાસે મર્યાદિત કુશળતા હતી. |
| (4) તે સહકારી સંઘવાદની ભાવના પર કામ કરે છે કારણ કે તે રાજ્યોની સમાન ભાગીદારીની ખાતરી કરે છે. | (4) તેની વાર્ષિક આયોજન બેઠકોમાં રાજ્યોની ભાગીદારી ઘણી ઓછી હતી. |
| (5) વડાપ્રધાન દ્વારા નિયુક્ત કરાયેલા સચિવોને CEO તરીકે ઓળખવામાં આવે છે. | (5) સામાન્ય પ્રક્રિયા દ્વારા CEOની નિમણૂક કરવામાં આવતી હતી. |
| (6) તે બોટમ–અપ એપ્રોચ પર કામ કરે છે. | (6) તે ટોપ ડાઉન એપ્રોચ પર કામ કરે છે. |
| (7) તેની પાસે નીતિઓ લાગુ કરવાની સત્તા નથી | (7) તે રાજ્યો માટે નીતિઓ ઘડી અને મંજૂર પ્રોજેક્ટ માટે ભંડોળ ફાળવતું હતું. |
| (8) તેની પાસે નાણા ફાળવવાની સત્તા નથી, જે નાણામંત્રીમાં નિહિત છે. | (8) તેની પાસે મંત્રાલયો અને રાજ્ય સરકારોને ભંડોળ ફાળવવાની સત્તા હતી. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

નોંધ : (1) નીતિ આયોગના પ્રથમ CEO શ્રી સિંધુ શ્રી ખુલ્લર હતા. ત્યારબાદ શ્રી અમિતાભ કાન્તે CEO તરીકે 2016 થી 2022 સુધી સેવા આપી હતી.

(2) નીતિ આયોગના અધ્યક્ષ હોદાની રૂએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી છે. તથા વર્તમાન ઉપાધ્યક્ષ શ્રી સુમન બેરી છે.

## IMOનું 132મું સત્ર

ભારતીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયે લંડનમાં કાઉન્સિલ ઓફ ધ ઈન્ટરનેશનલ મેરીટાઈમ ઓર્ગેનાઈઝેશન (IMO)ના 132માં સત્રમાં ભાગ લીધો હતો.

- આંતરરાષ્ટ્રીય દરિયાઈ વ્યાપારમાં સૌથી વધુ રસ ધરાવતા દેશોની શ્રેણીમાં ભારત IMO કાઉન્સિલનો ચૂંટાયેલ સભ્ય છે, ભારતે દરિયાઈ ત્યાગના તાત્કાલિક મુદ્દાઓ પર ભાર મૂક્યો હતો.
- પ્રતિનિધિ મંડળે ધ્યાન દોર્યું હતું કે પ્રયત્નો છતાં, હાલમાં 44 સક્રિય કેસ છે. જેમાં 292 ભારતીય ખલાસીઓ સામેલ છે.
- નાવિકોના મુદ્દાઓને સંબોધવા માટે તેની સતત પ્રતિબદ્ધતાની માન્યતામાં ભારતે સંયુક્ત ત્રિપક્ષીય કાર્યકારી જૂથમાં IMOનું પ્રતિનિધિત્વ કરતા આઠ સરકારોમાંની એક તરીકે તેનું સ્થાન સુરક્ષિત કર્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### IMO

IMOનું પૂરું નામ 'ઈન્ટરનેશનલ મેરીટાઈમ ઓર્ગેનાઈઝેશન' છે.

- IMO એ યુનાઈટેડ નેશન્સ (UN)ની વિશિષ્ટ એજન્સી છે જે શિપિંગને નિયંત્રિત કરવા અને જહાજોમાંથી દરિયાઈ પ્રદૂષણને રોકવા માટે જવાબદાર છે.
- IMOની સ્થાપના 1948માં જીનીવામાં સંયુક્ત રાષ્ટ્ર પરિષદ પછી કરવામાં આવી હતી અને 1958માં અસ્તિત્વમાં આવી હતી.



- IMOના 175 સભ્ય દેશો અને ત્રણ સહયોગી સભ્યો છે.
- તેનું મુખ્ય મથક યુનાઈટેડ કિંગ્ડમના લંડનમાં સ્થિત છે.
- ભારત 1959માં IMOમાં જોડાયું હતું.
- IMOની ભૂમિકા નીચે મુજબ છે :

(a) તેની મુખ્ય ભૂમિકા શિપિંગ ઉદ્યોગ માટે એક નિયમનકારી માળખું બનાવવાની છે જે ન્યાયી અને અસરકારક હોય, સાર્વત્રિક રીતે અપનાવવામાં આવે અને સાર્વત્રિક રીતે લાગુ કરવામાં આવે.

(b) તે કાનૂની બાબતોને પણ આવરી લે છે, જેમાં જવાબદારી અને વળતરના મુદ્દાઓ અને આંતરરાષ્ટ્રીય દરિયાઈ ટ્રાફિકની સરળતાનો સમાવેશ થાય છે.

- IMO સભ્યોની એસેમ્બલી દ્વારા સંચાલિત થાય છે, જે દ્વિવાર્ષિક રીતે મળે અને 40 સભ્યોની કાઉન્સિલ, જે બે વર્ષની મુદત માટે એસેમ્બલી દ્વારા ચૂંટાય છે.
- IMOનું સર્વોચ્ચ સંચાલક મંડળ એસેમ્બલી છે.
- તથા કાઉન્સિલ એ IMOની સંસ્થા છે અને સંસ્થાના કાર્યની દેખરેખ માટે જવાબદાર છે.
- તે એસેમ્બલીના કાર્યો કરે છે, જેમાં દરિયાઈ સુરક્ષા અને પ્રદૂષણ નિવારણ અંગે સરકારોને ભલામણ કરવી સામેલ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS




## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ આંતરરાષ્ટ્રીય ન્યાય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 જુલાઈ (B) 16 જુલાઈ (C) 17 જુલાઈ (D) 18 જુલાઈ **(C)**

2. 'વિશ્વ ઈમોજી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 17 જુલાઈ (B) 18 જુલાઈ (C) 19 જુલાઈ (D) 20 જુલાઈ **(A)**

3. તાજેતરમાં નીતિ આયોગે 2023-24 માટે તેનો નવીનતમ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ (SDG) ઈન્ડિયા ઈન્ડેક્સ બહાર પાડ્યો છે. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

   1. ભારતનો એકંદર SDG સ્કોર 2020-21માં 66થી વધીને 2023-24માં 71 થયો છે.
   2. કેરળ અને ઉત્તરાખંડ શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા રાજ્યો તરીકે ઉભરી આવ્યા છે, દરેકે 79 પોઈન્ટ મેળવ્યા છે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

4. NITI (National Institution for Transforming India) આયોગ વિશે નીચેનામાંથી કયું વિધાન અયોગ્ય નથી ?

   1. 1 જાન્યુઆરી 2016થી આયોજન પંચના સ્થાને તેની શરૂઆત કરવામાં આવી હતી.
   2. તે ગેરબંધારણીય કારોબારી સંસ્થા છે.
   3. તેના ઉપાધ્યક્ષ હોદ્દાની રૂએ ભારતના વડાપ્રધાન હોય છે.
   4. નીતિ આયોગના ઉપાધ્યક્ષ અને CEOની નિમણૂક ભારતના રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

   ઉપરોક્ત નિવેદન પરથી યોગ્ય વિકલ્પ પસંદ કરો :

(A) ફક્ત 2 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 3 (D) ફક્ત 1 અને 3 **(A)**

5. જુલાઈ 2024માં કાઉન્સિલ ઓફ ધ ઈન્ટરનેશનલ મેરીટાઈમ ઓર્ગેનાઈઝેશન (IMO)નું 132મું સત્ર કયાં યોજાયું હતું ?

(A) લંડન (B) ન્યુયોર્ક (C) ટોક્યો (D) મુંબઈ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 18 જુલાઈ, નેલ્સન મંડેલા આંતરરાષ્ટ્રીય દિવસ (Nelson Mandela International Day)

નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા અને દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી નેલ્સન મંડેલાનો જન્મદિવસ 18 જુલાઈ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય નેલ્સન મંડેલા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.



- નવેમ્બર 2009માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આ દિવસને સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યો હતો.
- ત્યારબાદ વર્ષ 2010થી દર વર્ષે 18 જુલાઈના રોજ 'નેલ્સન મંડેલા આંતરરાષ્ટ્રીય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- શ્રી નેલ્સન મંડેલાનો જન્મ 18 જુલાઈ, 1918ના રોજ દક્ષિણ આફ્રિકાના મેવોઝ કેપ પ્રાંત ખાતે થયો હતો.
- દક્ષિણ આફ્રિકામાં રંગભેદની નીતિ નાબૂદ કરનારા શ્રી નેલ્સન મંડેલાને તેમના દેશમાં તે જ સ્થાન છે, જે આપણા દેશમાં મહાત્મા ગાંધીજીનું છે.
- મહાત્મા ગાંધીજીની જેમ અહિંસાના માર્ગ પર ચાલનારા શ્રી નેલ્સન મંડેલાએ રંગભેદ સામે લડતા 27 વર્ષ જેલમાં વિતાવ્યા હતા.
- જેલમાંથી મુક્ત થયા બાદ સમાધાન અને શાંતિની નીતિ દ્વારા તેમણે લોકશાહી અને વિવિધતાવાળા આફ્રિકાનો પાયો નાખ્યો હતો.
- વર્ષ 1994માં દક્ષિણ આફ્રિકામાં પ્રથમ વખત બિન–રંગભેદની ચૂંટણી યોજાઈ હતી. જેમાં આફ્રિકન નેશનલ કોંગ્રેસને 62 ટકા મત મળ્યા હતા.
- આ સાથે શ્રી નેલ્સન મંડેલા દક્ષિણ આફ્રિકાના પ્રથમ અશ્વેત (કાળા) રાષ્ટ્રપતિ બન્યા હતા.
- શ્રી નેલ્સન મંડેલાને 'આફ્રિકાના ગાંધી' તરીકે ઓળખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નેપાળના નવા વડાપ્રધાન : શ્રી કે.પી. શર્મા ઓલી

શ્રી કે.પી. (ખડગ પ્રસાદ) શર્મા ઓલી નેપાળના નવા વડાપ્રધાન બન્યા છે.

- નોંધનીય છે કે તેઓ ચોથી વખત નેપાળના વડાપ્રધાન બન્યા છે.
- તેમણે વડાપ્રધાન તરીકે પુષ્પ કમલ દહલ ઉર્ફે પ્રચંડનું સ્થાન લીધું છે.

- નેપાળના પૂર્વ વડાપ્રધાન પુષ્પ કમલ દહલએ 12 જુલાઈ, 2024ના રોજ પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું. તેઓ સંસદમાં વિશ્વાસનો મત જીતવામાં નિષ્ફળ રહ્યા હતા.



- શ્રી ખડગ પ્રસાદ શર્મા ઓલીના પક્ષનું નામ CPN-UML (કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ નેપાળ–યુનિફાઈડ માર્ક્સીસ્ટ લેનિનીસ્ટ) છે.

## ભારત-મોરેશિયસ મૈત્રી ઉદ્યાન

ભારતના આંતરરાષ્ટ્રીય સંબંધોને મજબૂત કરવા માટેના એક મહત્ત્વપૂર્ણ પગલામાં વિદેશ મંત્રી ડો.એસ.જયશંકરે 16 અને 17 જુલાઈ, 2024ના રોજ મોરેશિયસની બે દિવસની મુલાકાત લીધી હતી.



- આ મુલાકાત ભારત અને મોરેશિયસ વચ્ચેના સંબંધોને મજબૂત કરવા માટે મહત્ત્વપૂર્ણ પગલું છે.
- આ મુલાકાત દરમિયાન ડો. એસ.જયશંકરે 16 જુલાઈ, 2024ના રોજ મોરેશિયસની રાજધાની પોર્ટ લુઈસમાં 'ભારત–મોરેશિયસ મૈત્રી ઉદ્યાન'નું ઉદ્‌ઘાટન કર્યું હતું.
- ઉદ્‌ઘાટનના ભાગરૂપે તેમણે મૈત્રી ઉદ્યાનમાં વૃક્ષારોપણ કર્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EX

**નોંધ :** (1) મોરેશિયસ હિંદ મહાસાગરમાં આવેલ એક ટાપુ દેશ છે, જે આફ્રિકાના પૂર્વ કિનારે સ્થિત છે.
(2) મોરેશિયસની રાજધાની પોર્ટ લુઈસ છે.
(3) મોરેશિયસમાં લગભગ અડધી વસતી હિન્દુ ધર્મની છે.

## પૌલ કાગામે ચોથી વખત રવાન્ડાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા

તાજેતરની ચૂંટણીના આંશિક પરિણામો અનુસાર રવાન્ડાના રાષ્ટ્રપતિ પૌલ કાગામે 99.15% મત મેળવીને ચોથી ટર્મ જીત્યા છે.



- તેઓ વર્ષ 2000થી સત્તામાં છે, અગાઉ 2017ની ચૂંટણી સમાન માર્જિનથી જીતી હતી.
- રવાન્ડા પૂર્વ–મધ્ય આફ્રિકામાં સ્થિત એક દેશ છે.
- રવાન્ડા ઉત્તરમાં યુગાન્ડા, પૂર્વમાં તાંઝાનિયા, દક્ષિણમાં બરુન્ડી અને પશ્ચિમમાં ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોથી ઘેરાયેલું છે.
- ડુંગરાળ અને પર્વતીય પ્રદેશને કારણે તેને 'હજારો પહાડોની ભૂમિ' તરીકે ઓળખવામાં આવે છે.
- તેમનું પાટનગર અને સૌથી મોટું શહેર કિગાલી છે.

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'નેલ્સન મંડેલા આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

   (A) 12 જુલાઈ (B) 13 જુલાઈ (C) 17 જુલાઈ (D) 18 જુલાઈ — **(D)**

2. તાજેતરમાં નેપાળના નવા વડાપ્રધાન કોણ બન્યું છે ?

   (A) ગિરિજા પ્રસાદ કોઈરાલા (B) માધવ કુમાર

   (C) ખિલ રાજ રેગ્મી (D) કે.પી.શર્મા ઓલી — **(D)**


3. તાજેતરમાં વિદેશ મંત્રી શ્રી એસ.જયશંકરે કયા દેશમાં મિત્રતાના પ્રતિક તરીકે 'મૈત્રી ઉદ્યાન'નું ઉદ્‌ઘાટન કર્યુ હતું ?

   (A) માલદીવ (B) મોરેશિયસ (C) રવાન્ડા (D) રશિયા — **(B)**

4. પૌલ કાગામે કયા દેશના ચોથી વખત રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે ?

   (A) યુગાન્ડા (B) રવાન્ડા (C) અંગોલા (D) ઈથોપિયા — **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ભારતીય બંધારણનો અનુચ્છેદ-341

તાજેતરમાં સુપ્રીમ કોર્ટએ ચૂકાદો આપ્યો હતો કે રાજ્યો બંધારણના અનુચ્છેદ 341 હેઠળ અનુસૂચિત જાતિ (SC) સુચિમાં કોઈ ફેરફાર કરી શકતા નથી.

- સુપ્રીમ કોર્ટે 2015ની બિહાર સરકારની સૂચનાઓને રદ કરી હતી, જેમાં તંતી–તંતવા સમુદાયને SC તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યો હતો.
- તંતી–તંવા અથવા તંતી–તંતવા એ ભારતમાં વણાટ અને કાપડના વેપારી સમુદાયની હિંદુ જાતિ છે.
- ગુજરાત, મહારાષ્ટ્ર, ઝારખંડ, બિહાર, ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, આસામ અને ઓડિશા જેવા રાજ્યોમાં આ સમુદાયની નોંધપાત્ર વસતી છે.
- તંતી–તંતવા સમુદાયને અગાઉ બિહાર રિઝર્વેશન ઓફ વેકેન્સી ઓફ પોસ્ટ્સ એન્ડ સર્વિસીસ (અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અન્ય પછાત વર્ગો માટે) અધિનિયમ, 1991 હેઠળ અત્યંત પછાત વર્ગ (EBC) તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું હતું.
- 1 જુલાઈ, 2015ના રોજ બિહાર સરકારે રાજ્ય કમિશન ફોર બેકવર્ડ ક્લાસીસ (SCBC)ની ભલામણના આધારે તાંતી–તંતવા સમુદાયને SC (અનુસૂચિત જાતિ) યાદીમાં મર્જ કરવાનો ઠરાવ બહાર પાડ્યો હતો.
- આ નિર્ણયનો હેતુ તંતી–તંતવા સમુદાયને SC લાભો આપવાનો હતો.
- ત્યારબાદ તેને 2017માં પટના હાઈકોર્ટે માન્ય રાખ્યો હતો, પરંતુ બાદમાં તેને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો.

### સુપ્રીમ કોર્ટનો તાજેતરનો ચૂકાદો

સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે રાજ્ય સરકારને બંધારણના અનુચ્છેદ 341 હેઠળ પ્રકાશિત SC યાદીમાં ફેરફાર કરવાનો કોઈ અધિકાર નથી.

- ભારતીય બંધારણનો અનુચ્છેદ-341(1) ભારતના રાષ્ટ્રપતિ પાસે વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં SC નિર્દિષ્ટ કરવાની સત્તા ધરાવે છે.
- અનુચ્છેદ 341(2) સંસદને આ યાદીમાં ફેરફાર કરવાની સત્તા આપે છે. આમ, SC સૂચિમાં કોઈપણ ફેરફાર માટે બંધારણમાં સુધારો જરૂરી છે.
- કોર્ટે અવલોકન કર્યુ કે બિહાર સરકારે યોગ્ય પ્રક્રિયા અને ભારતના રજિસ્ટ્રાર જનરલ સાથે પરામર્શનું પાલન કર્યુ ન હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારના નોટિફિકેશનને 'માલા ફીડ' ગણાવ્યું હતું, જે હાલના SC સભ્યોને તેમના યોગ્ય લાભોથી વંચિત રાખે છે.
- જ્યારે કોર્ટે ઠરાવને રદ કર્યો, ત્યારે તેણે ઠરાવનો લાભ મેળવનારાઓ અંગે સંતુલિત અભિગમ અપનાવ્યો હતો.

**નોંધ :** (1) ભારતના રજિસ્ટ્રાર જનરલની સ્થાપના 1961માં ભારત સરકાર દ્વારા ગૃહ મંત્રાલય હેઠળ કરવામાં આવી હતી.
(2) તે ભારતની વસતી ગણતરી અને ભારતની ભાષાકીય સર્વેક્ષણ સહિત ભારતના વસતી વિષયક સર્વેક્ષણોના પરિણામોનું આયોજન, સંચાલન અને વિશ્લેષણ કરે છે.

## અમુક વર્ગો સંબંધિત ખાસ બંધારણીય જોગવાઈઓના મહત્ત્વના અનુચ્છેદો

ભારતીય બંધારણમાં સમાનતા અને ન્યાયનો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે.

- આ બાબતને ધ્યાનમાં રાખીને સમાજના અમૂક વર્ગો જેવા કે અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST), OBC વગેરે માટે બંધારણના ભાગ-16માં અનુચ્છેદ-330 થી 342(A) અંતર્ગત જોગવાઈઓ કરવામાં આવી છે.


| અનુચ્છેદ | જોગવાઈ |
|---|---|
| અનુચ્છેદ-330 | લોકસભામાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે બેઠકો અનામત રાખવા બાબત |
| અનુચ્છેદ-330-A | લોકસભામાં મહિલાઓ માટે બેઠકો અનામત રાખવા બાબત |
| અનુચ્છેદ-331 | (લોકસભામાં એંગ્લો ઈન્ડિયન સમુદાયનું પ્રતિનિધિત્વ) (104માં બંધારણીય સુધારા, 2019 દ્વારા આ જોગવાઈ રદ કરવામાં આવી) |
| અનુચ્છેદ-332 | રાજ્ય વિધાનસભાઓમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે અનામત બેઠકો |
| અનુચ્છેદ-332(A) | રાજ્યની વિધાનસભાઓમાં મહિલાઓ માટે અનામત બેઠકો |
| અનુચ્છેદ-333 | (રાજ્ય વિધાનસભાઓમાં એંગ્લો ઈન્ડિયન સમુદાયનું પ્રતિનિધિત્વ) (104માં બંધારણીય સુધારા, 2019 દ્વારા આ જોગવાઈ રદ કરવામાં આવી છે) |
| અનુચ્છેદ-334 | અનામત બેઠકો અને વિશેષ પ્રતિનિધિત્વની વ્યવસ્થા 70 વર્ષ બાદ સમાપ્ત થશે. (104માં બંધારણીય સુધારા, 2019 દ્વારા 10 વર્ષ વધારવામાં આવ્યું) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | |
|---|---|
| અનુચ્છેદ-334(A) | મહિલાઓ માટે અનામત બેઠકોના અમલનો પ્રારંભ અને અંત |
| અનુચ્છેદ-335 | સેવાઓ અને જગ્યાઓ માટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓના દાવા |
| અનુચ્છેદ-336 | એંગ્લો ઈન્ડિયન સમુદાય માટે અમુક સેવાઓમાં ખાસ જોગવાઈ |
| અનુચ્છેદ-337 | એંગ્લો ઈન્ડિયન સમુદાયના લાભ માટે શૈક્ષણિક અનુદાન અંગે ખાસ જોગવાઈ |
| અનુચ્છેદ-338 | અનુસૂચિત જાતિઓ માટે રાષ્ટ્રીય આયોગ |
| અનુચ્છેદ-338(A) | અનુસૂચિત જનજાતિઓ માટે રાષ્ટ્રીય આયોગ |
| અનુચ્છેદ-339 | અનુસૂચિત વિસ્તારોના વહીવટ અને અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ બાબતમાં સંઘનું નિયંત્રણ |
| અનુચ્છેદ-340 | પછાત વર્ગોની સ્થિતિની તપાસ કરવા માટે આયોગની નિમણૂક |
| અનુચ્છેદ-341 | અનુસૂચિત જાતિઓ |
| અનુચ્છેદ-342 | અનુસૂચિત જનજાતિઓ |
| અનુચ્છેદ-342(A) | સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો |

## રાષ્ટ્રીય જળમાર્ગ 101 : તિઝુ અને ઝુંગકી નદી

કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રીએ તાજેતરમાં જાહેરાત કરી હતી કે મંત્રાલયે કાર્ગો અને મુસાફરોના પરિવહન માટે તિઝુ–ઝુંગકી નદી પરના રાષ્ટ્રીય જળમાર્ગ-101નો ઉપયોગ કરવા માટે સંભવિતતા અભ્યાસ હાથ ધરવાનું નક્કી કર્યુ છે.



### તિઝુ નદી વિશે

નાગાલેન્ડમાં ચાર મુખ્ય નદીઓ છે, જેમ કે દોયાંગ, ધનસિરી, ધિકુ અને તિઝુ.

- નાગાલેન્ડના તુએનસાંગ જિલ્લામાં લોંગખિમ નજીક તે ઉદ્ભવે છે.
- તે મ્યાનમારમાં ચિનવિન નદી (નિગ્થી નદી તરીકે પણ ઓળખાય છે)માં વહે છે, જે ઈરાવદી નદીની મુખ્ય નદી છે.
- તેની મુખ્ય ઉપનદીઓમાં ઝુંગકી, લેન્ચે અને લિકિમરો નદીઓનો સમાવેશ થાય છે.

### ઝુંગકી નદી

ઝુંગકી નદી એ નાગાલેન્ડની અંદર તિઝુ નદીની સૌથી મોટી ઉપનદી છે.

**મહત્ત્વ**

તિઝુ–ઝુંગકીનો વિકાસ રાષ્ટ્રીય જળમાર્ગ 101 અંતર્ગત ઈનલેન્ડ વોટરવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IWAI) અને નાગાલેન્ડનો પરિવહન વિભાગ આંતરદેશીય જળ પરિવહન, કૌશલ્ય વિકાસ અને જહાજની પ્રાપ્તી માટે નેવિગેશન શક્યતા અભ્યાસ માટે ફેયરવેના વિકાસ માટે સહયોગ કરશે.

- સૂચિત તિઝુ–ઝુંગકી જળમાર્ગ અથવા રાષ્ટ્રીય જળમાર્ગ-101 નાગાલેન્ડને ચિંદવિન નદી, મ્યાનમાર અને તેનાથી આગળ જોડશે.

**નોંધ :** (1) ઈનલેન્ડ વોટરવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IWAI)ની સ્થાપના 27 ઓક્ટોબર, 1986ના રોજ અંતર્દેશીય જળમાર્ગોના વિકાસ અને નિયમન માટે કરવામાં આવી હતી.

(2) IWAI એ શિપિંગ મંત્રાલય હેઠળની એક વૈધાનિક સંસ્થા છે.

(3) તેનું મુખ્યમથક નોઈડા ખાતે આવેલું છે.

(4) નેશનલ વોટરવેઝ એક્ટ, 2016 મુજબ અત્યાર સુધીમાં 111 વોટરવેઝને નેશનલ વોટરવેઝ અથવા રાષ્ટ્રીય જળમાર્ગ તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે ભારતીય બંધારણના અનુચ્છેદ-341 સંબંધિત એક ચૂકાદો આપ્યો હતો. આ અનુચ્છેદ-341 નીચેનામાંથી કોની સાથે સંબંધિત છે ?

(A) એંગ્લો ઈન્ડિયન (B) અનુસૂચિત જાતિઓ (SC)

(C) અનુસૂચિત જનજાતિઓ (ST) (D) અનામત બેઠકો **(B)**

2. તાજેતરમાં સમાચારમાં રહેલ તિઝુ અને ઝુંગકી શું છે ?

(A) નદીઓ (B) માછલીની જાતો

(C) મણિપુરનું નૃત્ય (D) ઉત્તરાખંડનો એક સમુદાય **(A)**

3. રાષ્ટ્રીય જળમાર્ગ 101 નીચેનામાંથી કઈ નદી સાથે સંબંધિત છે ?

(A) શરાવતી નદી–સાલ નદી (B) નેત્રાવતી નદી–પાલાર નદી

(C) માંઝરા નદી–નાગ નદી (D) તિઝુ નદી–ઝુંગકી નદી **(D)**

## દિવસ મહિમા : 20 જુલાઈ, (1) વિશ્વ ચેસ દિવસ (International Chess Day) (2) આંતરરાષ્ટ્રીય ચંદ્ર દિવસ

### આંતરરાષ્ટ્રીય ચંદ્ર દિવસ



આંતરરાષ્ટ્રીય ચંદ્ર દિવસ દર વર્ષે 20 જુલાઈના રોજ ઉજવવામાં આવે છે.

- આ દિવસ વર્ષ 1969માં ચંદ્ર પર ઐતિહાસિક એપોલો 11 મિશનના ઉત્તરાણની યાદમાં મનાવવામાં આવે છે.
- આ દિવસે નીલ આર્મસ્ટ્રોંગે ચંદ્રની ધરતી પર પગ મૂકી ઈતિહાસ રચ્યો હતો.

## છત્રપતિ શિવાજી મહારાજના વાઘ નખ બ્રિટનથી મહારાષ્ટ્ર પરત લાવવામાં આવ્યા



તાજેતરમાં છત્રપતિ શિવાજી મહારાજનો 'વાઘ નખ' લંડનના વિક્ટોરિયા એન્ડ આલ્બર્ટ મ્યુઝિયમમાંથી મુંબઈ લાવવામાં આવ્યો છે.

- વિક્ટોરિયા અને આલ્બર્ટ મ્યુઝિયમે પ્રાચીન શસ્ત્રને ત્રણ વર્ષના સમયગાળા માટે ઋણાત્મક આધાર પર મહારાષ્ટ્ર સરકારને સોંપ્યું છે.
- આ સમયગાળા દરમિયાન તેને રાજ્યભરના સંગ્રાહાલયોમાં પ્રદર્શિત કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### વાઘ નખ શું છે ?



ધાતુના પંજાનું બનેલું વાઘ નખ એક હથિયાર છે.

- જેને હાથની ઉપર કે નીચેની બાજુએ પહેરી શકાય છે.
- હકીકતમાં તેને હાથની નીચે છુપાવી રાખી શકાય તે રીતે ડિઝાઈન કરાયું હોય છે.
- તેમાં ચાર કે પાંચ વક્ર બ્લેડ હોય છે જે ક્રોસબાર અથવા ગ્લોવ સાથે જોડાયેલા હોય છે. અને સ્નાયુઓ અથવા ત્વચા તોડવા માટે રચાયેલ હોય છે. મહારાષ્ટ્રના લોકો માટે ઈતિહાસમાં તેનું વિશેષ સ્થાન છે.
- વાઘ નખ મુખ્યત્વે 17મી અને 18મી સદીના મરાઠા સામ્રાજ્ય સાથે જોડાયેલ છે.
- મોટા ભાગના વાઘ નખ અનુક્રમે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને મધ્યપ્રદેશના કોલાપોર, સતારા અને ગ્વાલિયર જેવા મહત્ત્વના શહેરોમાંથી આવ્યા હોવાનું જણાય છે.

### શ્રી છત્રપતિ શિવાજી મહારાજ

મરાઠા સામ્રાજ્યના સ્થાપક શ્રી છત્રપતિ શિવાજી મહારાજનો જન્મ 19 ફેબ્રુઆરી, 1630ના રોજ પૂણેના શિવનેરી કિલ્લામાં થયો હતો.



- તેમના માતાનું નામ <u>જીજાબાઈ</u> તથા પિતાનું નામ <u>શાહજી</u> હતું.
- તથા તેમના આધ્યાત્મિક ગુરૂ <u>રામદાસ</u> અને રાજકીય ગુરુ <u>દાદાજી કોંડદેવ</u> હતા.
- શિવાજીની બાલ્યકાળની કેળવણીમાં માતા જીજાબાઈ તથા કારભારી દાદાજી કોંડદેવનો અમૂલ્ય ફાળો હતો.
- યુવાન વયે શિવાજીને સ્વામી રામદાસનો મેળાપ થયો. તેમની જ્ઞાનસિધ્ધિ અને ઉપદેશોથી પ્રભાવિત થઈને શિવાજીએ <u>'સ્વધર્મ રક્ષણ અને સ્વરાજ્ય સિધ્ધિનો'</u> દઢ સંકલ્પ કર્યો હતો.
- શિવાજીએ <u>'હિન્દુ પદ બાદશાહી'</u> અંગિકાર કર્યુ હતું. તથા ગાય અને બ્રાહ્મણોની રક્ષા કરવાનું વ્રત લીધું હતું અને <u>'હિન્દુત્વ–ધર્મોધ્ધારક'</u>ની ઉપાધી મેળવી હતી.

## શિવાજીના વિજયો

શિવાજીના પિતા શાહજીએ તેમને <u>12 વર્ષની વયે</u> પુનાની જાગીરદારી સોંપી હતી.

- <u>ઈ.સ. 1646</u>માં શિવાજીએ સૌપ્રથમ <u>તોરલગઢનો કિલ્લો</u> જીત્યો હતો.
- ઈ.સ. 1647માં કોંકણ અને રાયગઢ કિલ્લા જીત્યા તેમજ પુરંદર, રોહિડા, તિકોના, લોહગઢ વગેરે કિલ્લાઓ જીત્યા હતા.
- તેમણે માવલાજાતિના લોકોનું સંગઠન બનાવ્યું હતું. આ ઉપરાંત તેમણે <u>ગેરીલા યુદ્ધ પદ્ધતિ</u> પણ વિકસાવી હતી.
- શિવાજીના વિજયો અને વધતી જતી સત્તા બિજાપુરની સલ્તનત માટે ખતરારૂપ લાગતા સુલતાન આદિલશાહે અફઝલખાન નામના સેનાપતિને 1200 સૈનિકો સાથે શિવાજીને કેદ કરવા મોકલ્યો હતો. પરંતુ પ્રતાપગઢ પાસેના 'પાર' ગામે મુલાકાતમાં શિવાજીએ વાઘનખ અને બખ્તરની મદદથી અફઝલખાન સાથે ભેટતી સમયે સમય સૂચકતા વાપરી અફઝલખાનનો વાઘનખથી વધ કર્યો હતો. આ બનાવથી મુઘલ સમ્રાટ ઔરંગઝેબ ચોંકી ઉઠયા. તેમણે ઈ.સ. 1656માં સાઈસ્તખાનને શિવાજી પર આક્રમણ કરવા મોકલ્યા પરંતુ શિવાજીએ ઈ.સ. 1663માં પૂણેમાં 'લાલ મહલ' પર હુમલો કરી સાઈસ્તખાનને ભગાડયા.
- આ આક્રમણના કારણે મુઘલ સેનાને ઘણું નુકસાન થયુ હતુ તથા શિવાજીની પ્રતિષ્ઠામાં વધારો થયો હતો.
- ઔરંગઝેબે સાઈસ્તાનખાનને નિષ્ફળતા મળવાથી આમેરના મિર્ઝા રાજા જયસિંહને શિવાજી સાથે લડવા મોકલ્યા હતા. જેમાં જયસિંહની જીત થઈ હતી.
- તેથી પુરંદરમાં મુઘલોનો વિજય થયો હતો અને રાયગઢમાં પણ ઘેરાબંદી કરી ઈ.સ. 1665માં શિવાજીએ <u>'પુરંદરની સંધિ'</u> કરી હતી. પુરંદરની આ સંધિ <u>શિવાજી અને જયસિંહ</u> વચ્ચે થઈ હતી.
- ઈ.સ.1666 શિવાજી જયસિંહના આશ્વાસન પર ઔરંગઝેબને મળવા આગ્રા આવ્યા, પરંતુ દરબારમાં યોગ્ય સન્માન ન મળવાથી દરબારમાંથી ઉઠી ગયા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ઔરંગઝેબે તેમને કેદ કરી લીધા અને "જયપુર ભવન" આગ્રામાં નજરકેદ રાખ્યા હતા.
- પરંતુ હોંશિયારીથી શિવાજી ત્યાંથી બહાર નીકળી ગયા હતા.
- શિવાજીએ ઈ.સ. 1664 અને ઈ.સ. 1670માં મુઘલ સામ્રાજ્યનું સમૃધ્ધ બંદર સૂરત લૂંટયું.
- ઈ.સ. 1670માં શિવાજીએ સિંહગઢનો કિલ્લો મેળવવા માટે કરેલા સંઘર્ષ દરમિયાન તાનાજી માલસુરે નામના સરદાર ગુમાવ્યા હતા. તેમના માટે શિવાજીએ ઉદ્‌ગાર વ્યકત કરતા કહ્યું હતું કે, 'ગઢ આલા, પણ સિંહ ગેલા.' ત્યાર બાદ કોંડાણાના કિલ્લાનું નામ તાનાજી માલસૂરેના બલિદાનને કારણે સિંહગઢ રાખવામાં આવ્યું હતું.
- ઈ.સ. 1674માં શિવાજીએ રાયગઢના કિલ્લામાં વિશ્વેશ્વર ગંગાભટ્ટ પાસે રાજ્યાભિષેક કરાવી શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે 'છત્રપતિ' નામ ધારણ કર્યું. 12 એપ્રિલ, 1680ના રોજ શિવાજીનું મૃત્યું થયું હતું.

## શ્રી અજિત ડોભાલ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) તરીકે ફરી નિયુક્ત



તાજેતરમાં કેન્દ્ર સરકારે શ્રી અજીત ડોભાલને ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર તરીકે ફરીથી નિયુક્ત કર્યા હતા.

- તેમની નિમણૂક વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળ સાથે અથવા આગળ સુધી સહ–સમાપ્તિ હશે.
- શ્રી અજિત ડોભાલ વર્ષ 2014થી ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર તરીકે કાર્યરત છે.

### શ્રી અજિત ડોભાલ

ભારતના પાંચમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શ્રી અજીત ડોભાલનો જન્મ 20 જાન્યુઆરી, 1945નાં રોજ ઉત્તરાખંડનાં પૌરી ગઢવાલ જિલ્લાના ઘીરી બનેલ્સિયુન નામના ગામમાં થયો હતો.

- શ્રી અજીત ડોભાલ 1968ની બેચના કેરળ કેડરના IPS ઓફિસર છે.
- ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બન્યા એ પહેલા તેઓ ભારતમાં IB (Intelligence Bureau)ના ડિરેક્ટર હતા.
- તેઓ પોલીસ મેડલ જીતવાવાળા સૌથી યુવાન પોલીસ ઓફિસર બન્યા હતા. ત્યારબાદ તેમને રાષ્ટ્રપતિ પોલીસ મેડલથી પણ સન્માનિત કરવામાં આવ્યાં હતાં.
- આ ઉપરાંત શ્રી અજીત ડોભાલને વર્ષ 1988માં કીર્તિ ચક્રથી સન્માનિત કરવામાં આવ્યાં હતા. ત્યારે આ સન્માન મેળવનાર તેઓ પ્રથમ પોલીસ ઓફિસર બન્યાં હતા. કેમ કે, આ સન્માન ફક્ત સૈનિકોને જ આપવામાં આવે છે.

**નોંધ :** (1) ભારતના પ્રથમ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શ્રી બ્રજેશ મિશ્રા હતા.

(2) ભારતમાં કેબિનેટની નિમણૂક સમિતિ દ્વારા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારની નિમણૂક કરવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતની સૌથી લાંબી અને સૌથી મોટી શહેરી ટનલ : થાણે-બોરિવલી



ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 13 જુલાઈ, 2024ના રોજ મુંબઈમાં થાણે–બોરિવલી ટ્વીન ટનલ પ્રોજેક્ટનું ભૂમિપૂજન કર્યુ હતું.

- થાણે–બોરિવલી ટ્વીન ટનલ ભારતનો સૌથી લાંબો અને સૌથી મોટો શહેરી ટનલ પ્રોજેક્ટ છે, તેનો કુલ ખર્ચ રૂ.16,600 કરોડ છે.
- તે થાણે અને બોરીવલીને સીધી સબવે લાઈન દ્વારા જોડશે જે 11.8 કિમી ચાલે છે અને નેશનલ હાઈવે 8 પર બોરીવલી ખાતે સમાપ્ત થાય છે.
- આ રૂટની બે નિયમિત લેન અને એક ઈમરજન્સી લેન સાથે મુસાફરીનો સમય એક કલાકથી ઘટાડીને માત્ર 12 મિનિટ કરી દેશે, જેનાથી મુસાફરીનું અંતર 12 કિમી ઘટશે.
- આ ટનલ માત્ર લોકોને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવાનો માર્ગ નથી, પરંતુ તે ઘોડબંદર રોડ અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પરના ટ્રાફિકને સરળ કરવામાં મદદ કરશે.
- મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટીએ જણાવ્યું કે આ ટનલની નજીકના સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાન પર કોઈ અસર નહિ થાય, કારણ કે તે પર્યાવરણને અનુકૂળ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રમિક બસેરા યોજના : ગુજરાત




ગુજરાતમાં શ્રમિકો માટે પાંચ રૂપિયામાં ભોજન આપવાની યોજના પછી રાજ્ય સરકારે પાંચ રૂપિયામાં હંગામી આવાસ આપતી 'શ્રમિક બસેરા યોજના' શરૂ કરી છે.

- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'શ્રમિક બસેરા યોજના' હેઠળ પ્રથમ તબક્કે અમદાવાદ, ગાંધીનગર, વડોદરા અને રાજકોટમાં નિર્માણ થનાર 17 શ્રમિક બસેરાનું અમદાવાદના જગતપુર ખાતેથી ખાતમુહૂર્ત કર્યુ હતું.
- આ યોજનાનો લાભ લગભગ 15,000 જેટલા શ્રમિકોને થશે.
- આ યોજનાનો લાભ લેવા માટે નોંધણી માટેના શ્રમિક બસેરા પોર્ટલનું પણ લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.

## યોજના વિશે

રાજ્ય સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના અધિક સચિવના જણાવ્યા અનુસાર ગુજરાત રાજ્યના વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપનાર બાંધકામ શ્રમિક ભાઈ–બહેનોને ખૂબ જ ઓછા દરે રહેવા માટે ભાડાના આવાસ મળી રહે તે માટે આ યોજના અમલમાં મૂકવામાં આવી છે.

- આ યોજના હેઠળ ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના નોંધાયેલા બાંધકામ શ્રમિકો તથા તેઓના પરિવારને રાહત દરે ભાડેથી રહેવાની સુવિધા પૂરી પાડશે.
- આ યોજના અંતર્ગત વ્યક્તિદીઠ પ્રતિદિન 5 રૂપિયાના ભાડામાં આશ્રય–આવાસ આપવામાં આવશે.
- લાભાર્થી શ્રમિકના 6 વર્ષ કે તેથી ઓછી ઉંમરના બાળકો માટે કોઈ ભાડું લેવામાં આવશે નહીં.
- રાજ્ય સરકારની આ યોજનામાં આગામી 3 વર્ષમાં 3 લાખ શ્રમિકોને આશ્રય આપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.
- આ આવાસોમાં શ્રમિકોને સ્વચ્છ પાણી, વીજળી અને શૌચાલયની સુવિધાઓ આપવામાં આવશે.
- આ ઉપરાંત આ આવાસોમાં રહેતા શ્રમિક પરિવારોને સુરક્ષા અને મેડિકલ સુવિધા પણ આપવાનો પ્રયાસ કરશે.



1. 'આંતરરાષ્ટ્રીય ચેસ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 20 જુલાઈ (B) 21 જુલાઈ (C) 22 જુલાઈ (D) 23 જુલાઈ **(A)**

2. 'આંતરરાષ્ટ્રીય ચંદ્ર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 20 જુલાઈ (B) 21 જુલાઈ (C) 22 જુલાઈ (D) 23 જુલાઈ **(A)**

3. તાજેતરમાં કયા દેશમાંથી છત્રપતિ શિવાજી મહારાજના 'વાઘ નખ' પરત લાવવામાં આવ્યા છે ?
(A) કેનેડા (B) ઓસ્ટ્રેલિયા (C) બ્રિટન (D) અમેરિકા **(C)**

4. કયા રાજાએ શિવાજીને નજર કેદ કર્યા હતા ?
(A) ઔરંગઝેબ (B) શાહજહાં (C) અકબર (D) જહાંગીર **(A)**

5. છત્રપતિ શિવાજી મહારાજનો રાજ્યાભિષેક કયાં થયો હતો ?
(A) રાયગઢ (B) તોરણ (C) સિંહગઢ (D) રોહીડા **(A)**

6. છત્રપતિ શિવાજીના નામ સાથે નીચેના પૈકી કઈ બાબત વિશેષ સંકળાયેલી છે ?
(A) અષ્ટવિનાયક (B) અષ્ટાંગ યોગ (C) અષ્ટપ્રધાન મંડળ (D) અષ્ટ રાખા **(C)**

7. ભારતના વર્તમાન રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) કોણ છે ?
(A) શ્રી અજિત ડોભાલ (B) શ્રી તપન ડેકા (C) શ્રી પ્રવીણ સુદ (D) શ્રી રાહુલ નવીન **(A)**

8. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ _____ ટ્વીન ટનલ પ્રોજેક્ટનું ભૂમિપૂજન કર્યું હતું. જે ભારતનો સૌથી લાંબો અને સૌથી મોટો શહેરી ટનલ પ્રોજેક્ટ છે.
(A) સાણંદ–ધોલેરા (B) થાણે–બોરિવલી
(C) દિલ્હી–નોઈડા (D) હૈદરાબાદ–સિકંદરાબાદ **(B)**

9. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા 'શ્રમિક બસેરા' યોજના શરૂ કરવામાં આવી છે. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
(A) આ યોજના અંતર્ગત બાંધકામ શ્રમિકોને વ્યક્તિદીઠ પ્રતિદિન રૂ.5માં રહેવા માટે હંગામી આવાસ મળશે.
(B) આ યોજના અંતર્ગત સરકાર પરિવાર દીઠ દર મહિને રૂ.800ની સહાય પણ કરશે. (બાંધકામ શ્રમિક પરિવાર)
(C) (A) અને (B) બંને સાચા
(D) (A) અને (B) બંને ખોટા **(A)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# NEWS IN SHORTS

## ગુજરાત

### ➤ ગુજરાત ગુણવત્તા સંકલ્પ

11 જુલાઈ, 2024ના રોજ અમદાવાદમાં ગુજરાત ગુણવત્તા સંકલ્પનું ઉદ્ઘાટન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે રાજ્ય ગુણવત્તા અપનાવવાના ક્ષેત્રમાં સફળતા હાંસલ કરવા પ્રતિબદ્ધ છે. તે ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (QCI)ની પહેલ છે, જેનો હેતુ ગુજરાતમાં પ્રાથમિકતા ધરાવતા ક્ષેત્રોમાં નિર્ણાયક ગુણવત્તાના હસ્તક્ષેપ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. ગુજરાત ગુણવત્તા સંકલ્પનો ઉદ્દેશ્ય ગુણવત્તાયુક્ત હસ્તક્ષેપ દ્વારા રાજ્ય સરકારની પહેલને વધારવા અને સમર્થન આપવાનો છે. આ પહેલ રાજ્યમાં શિક્ષણ અને કૌશલ્ય, આરોગ્ય સંભાળ, ઈ–કોમર્સ, ઉદ્યોગ અને MSME, પ્રવાસન, સંસ્કૃતિ અને રમતગમત સાથે સામાજિક વિકાસ જેવા મુખ્ય ક્ષેત્રોમાં ગુણવત્તાના ધોરણોને ફરીથી નિર્ધારિત કરવાનો છે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના 5G વિકાસ મોડલ ગુણવંતુ ગુજરાત, ગ્રીન ગુજરાત, ગતિશીલ ગુજરાત અને ગરવું ગુજરાતમાં ગુણવત્તાનો વધુ એક 'G' જોડીને ગુજરાતને દેશનું પ્રથમ વિકસિત રાજ્ય બનાવવાના નિર્ધારમાં ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાનો આ પ્રારંભ નવી દિશા આપશે.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત

### ➤ સ્કવલસ હિમા ડોગફિશ શાર્કની નવી પ્રજાતિ



કેરળના અરબી સમુદ્ર કિનારે શક્તિકુલંગારા ફિશિંગ હાર્બરના ઊંડા પાણીમાં ઝૂઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (ZSI)ના વૈજ્ઞાનિકો દ્વારા સ્કવલસ હિમા ડોગફિશ શાર્કની નવી પ્રજાતિની શોધ કરવામાં આવી છે. સ્કવલસ એ સ્કવોલિડે પરિવારમાં ડોગફિશ શાર્કની એક જીનસ છે. સામાન્ય રીતે સ્પડોર્ગ તરીકે ઓળખાય છે અને તે સરળ ડોર્સલ ફિન સ્પાઈન્સ દ્વારા પણ લાક્ષણિકતા ધરાવે છે. ભારતીય દરિયાકાંઠે સ્કવલસની બે પ્રજાતિઓ ભારતના દક્ષિણ–પશ્ચિમ કિનારે જોવા મળે છે.

### ➤ અપર સિયાંગ હાઈડ્રોપાવર પ્રોજેક્ટ



અરૂણાચલ પ્રદેશમાં અપર સિયાંગ હાઈડ્રોપાવર પ્રોજેક્ટનો સ્થાનિકો વિરોધ કરી રહ્યા છે. તે અરૂણાચલ પ્રદેશના અપર સિયાંગ જિલ્લામાં સિયાંગ નદી પર 11,000 મેગાવોટનો પ્રસ્તાવિત હાઈડ્રોપાવર પ્રોજેક્ટ છે. નેશનલ હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર કોર્પોરેશન (NHPC) અને નોર્થ ઈસ્ટર્ન ઈલેક્ટ્રિક પાવર કોર્પોરેશન (NEEPCO)ને સંયુક્ત રીતે આ પ્રોજેક્ટના નિર્માણનું કાર્ય સોંપવામાં આવ્યું છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAM

### ➤ GRSE એક્સિલરેટેડ ઈનોવેશન ઈન્સેન્ટિવ સ્કીમ (GAINS 2024)




તાજેતરમાં સંરક્ષણ રાજ્ય મંત્રીએ કોલકાતામાં ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ લિમિટેડ (GRSE)ની GRSE એક્સિલરેટેડ ઈનોવેશન ઈન્સેન્ટિવ સ્કીમ–GAINS 2024 શરૂ કરી છે. આ નવીન યોજનાનો હેતુ શિપયાર્ડ સંબંધિત સમસ્યાઓનો ઉકેલ લાવવા અને દેશમાં સ્ટાર્ટઅપ્સ દ્વારા ટેક્નોલોજી વિકાસને પ્રોત્સાહન આપવાનો છે. તે ભારત સરકારની 'મેક ઈન ઈન્ડિયા' અને 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા' નીતિઓને અનુરૂપ છે તથા MSME અને સ્ટાર્ટ–અપ્સને વધુ તકનીકી પ્રગતિ માટે નવીન ઉકેલો વિકસાવવા સક્ષમ બનાવે છે.

➤ **પ્રધાનમંત્રી કોલેજ ઓફ એક્સેલન્સ**




તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રીએ ઈન્દોરથી મધ્યપ્રદેશના તમામ 55 જિલ્લાઓમાં પ્રધાનમંત્રી કોલેજ ઓફ એક્સેલન્સનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. રાજ્ય સરકાર દ્વારા નવી શિક્ષણ નીતિ, 2020 મુજબ અભ્યાસક્રમો પૂરા પાડવા માટે શરૂ કરાયેલી આ કોલેજોનો ઉદ્દેશ્ય શિક્ષણને રોજગારલક્ષી બનાવવાનો છે. નવી શિક્ષણ નીતિ (NEP) લાગુ કરનાર મધ્યપ્રદેશ પ્રથમ રાજ્ય બન્યું છે. આ કોલેજો વર્ષ 2047 સુધીમાં એક મજબૂત શૈક્ષણિક પાયો સ્થાપિત કરશે. આ લક્ષ્ય હાંસલ કરવા માટે નવી શિક્ષણ નીતિ, 2020 રજૂ કરવામાં આવી હતી. તે માત્ર ડિગ્રી આપવાના બદલે યુવાનોના સર્વાંગી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેમાં શૈક્ષણિક વિષયો અને જીવન કૌશલ્ય બંને શિખવવામાં આવે છે. પરંપરાગત વિચારને બદલે વિદ્યાર્થીઓમાં આઉટ ઓફ ધ બોક્સ વિચારને પ્રોત્સાહિત કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **વિશ્વના સૌથી ઊંચા પાસ પર ડ્રોન પરીક્ષણ**




તાજેતરમાં બેંગ્લુરુ સ્થિત કંપની ન્યૂસ્પેસ રિસર્ચ એન્ડ ટેક્નોલોજીએ લદાખમાં ઉમલિંગ લા પાસ ખાતે 100 કિલો મહત્તમ ટેક ઓફ વજન (MTOW) માનવરહિત એરિયલ વ્હીકલ (UAV)નું પરીક્ષણ કર્યુ હતું, જે વિશ્વનો સૌથી ઊંચો મોટરેબલ પાસ છે. કંપનીના જણાવ્યા અનુસાર 100 કિલોગ્રામ MTOW કેટેગરીના ડ્રોન દ્વારા હાંસલ કરવામાં આવેલ હાઈ એલ્ટિટ્યૂડ ઓપરેશન્સ માટે આ એક નવો વર્લ્ડ રેકોર્ડ છે. તેનાથી જમ્મુ અને કાશ્મીર, ઉત્તરાખંડ અને ઉત્તરપૂર્વીય રાજ્યોના પર્વતીય વિસ્તારોમાં લોજિસ્ટિક્સ, આપત્તિ અને બચાવ કામગીરી અને તબીબી રાહતમાં નોંધપાત્ર સુધારો થશે. લદાખમાં ઉમલિંગ લા (પાસ) એ 19,024 ફૂટની ઊંચાઈએ વિશ્વનો સૌથી ઊંચો મોટરેબલ રોડ છે, જેનું નિર્માણ બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન દ્વારા 'પ્રોજેક્ટ હિમાંક'ના ભાગરૂપે કરવામાં આવ્યું છે. 52 કિલોમીટર લાંબો રસ્તો ચિશુમલેને ડેમચોક ગામો સાથે જોડે છે, જે LAC તથા ભારત અને ચીન વચ્ચેના ફ્લેશ પોઈન્ટની નજીક છે.

### ➤ મહામારી તૈયારી ઈનોવેશનનું ગઠબંધન

તાજેતરમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલયના કેન્દ્રીય મંત્રીએ ફરીદાબાદમાં મહામારી તૈયારી ઈનોવેશન્સ (CEPI)ના ગઠબંધન હેઠળ એશિયાની પ્રથમ આરોગ્ય સંશોધન–સંબંધિત 'પ્રી–ક્લિનિકલ નેટવર્ક સુવિધા'નું ઉદ્દઘાટન કર્યુ હતું. મહામારી તૈયારી ઈનોવેશનનું ગઠબંધન એ જાહેર, ખાનગી, પરોપકારી અને નાગરિક સંસ્થાઓ વચ્ચે નવીન ભાગીદારી તરીકે 2017માં શરૂ કરવામાં આવી હતી. તેની સ્થાપના નોર્વે અને ભારત સરકાર, બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન, વેલકમ ટ્રસ્ટ અને વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા દાવોસ (સ્વિત્ઝર્લેન્ડ)માં કરવામાં આવી હતી. આ મિશનનો ધ્યેય મહામારી અને મહામારીના જોખમો સામે રસીઓ અને અન્ય જૈવિક પ્રતિરોધકોના વિકાસને વેગ આપવાનો છે, જેથી તે જરૂરિયાતમંદ તમામ લોકો માટે સુલભ થઈ શકે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ

### ➤ APSTAR-6E સેટેલાઈટ

ચીનના APSTAR-6E ઉપગ્રહે હોંગકોંગમાં ભ્રમણકક્ષામાં અને જમીન પર સફળતાપૂર્વક તકનીકી સમીક્ષાઓ પસાર કર્યા પછી સત્તાવાર રીતે કાર્ય કરવાનું શરૂ કર્યુ છે. APSTAR-6E ચીનનો પ્રથમ ઓલ–ઈલેક્ટ્રિક પ્રોપલ્શન કોમ્યુનિકેશન સેટેલાઈટ છે. ચાઈના એરોસ્પેસ સાયન્સ એન્ડ ટેક્નોલોજી કોર્પોરેશન (CASE) દ્વારા વિકસિત આ ઉપગ્રહ જીઓસ્ટેશનરી ઓર્બિટમાં કાર્ય કરે છે. 13 જાન્યુઆરી, 2023ના રોજ ઝિચાંગ સેટેલાઈટ લોન્ચ સેન્ટરમાંથી લોંગ માર્ચ-2 સી રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું. તેનો પ્રાથમિક ધ્યેય સમગ્ર દક્ષિણપૂર્વ એશિયામાં કાર્યક્ષમ અને ઉચ્ચ–ક્ષમતા ધરાવતી બ્રોડબેન્ડ કોમ્યુનિકેશન સેવાઓ પહોંચાડવાનું છે.






1. તાજેતરમાં ઈટાલીમાં શોટગન જુનિયર વર્લ્ડ કપમાં બ્રોન્ઝ મેડલ કોણે જીત્યો છે ? – સબીરા હરિસ
2. તાજેતરમાં કઈ કંપનીએ નિફટી ઈન્ડિયા ટુરિઝમ ઈન્ડેક્સ ફંડ લોન્ચ કર્યુ છે ? – Tata
3. તાજેતરમાં કઈ સંસ્થાએ દેશના ઓછા કાર્બન ઊર્જા ક્ષેત્રના વિકાસ માટે ભારતને 1.5 બિલિયન ડોલરની લોન મંજૂર કરી છે ? – વિશ્વ બેંક
4. તાજેતરમાં _____ બેંકએ ઈન્ટરનેટ અને મોબાઈલ બેંકિંગ સુરક્ષાને વધારવા માટે 'સેફટી રિંગ' ફીચર લોન્ચ કર્યુ છે. – પંજાબ નેશનલ બેંક(PNB)
5. ભારતીય પાવર સેક્ટરની કઈ કંપનીએ 31.96 બિલિયન જાપાનીઝ યેનની 5 વર્ષની ગ્રીન લોન મેળવી છે ? – REC લિમિટેડ
6. તાજેતરમાં કયા દેશે ભારતને નાના પરમાણુ પાવર પ્લાન્ટ બનાવવામાં સહયોગની ઓફર કરી છે ? – રશિયા
7. કઈ રાજ્ય સરકારે તાજેતરમાં શાળાઓ નજીક ઉચ્ચ કેફીન એનર્જી ડ્રિંકના વેચાણ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો છે ? – મહારાષ્ટ્ર
8. ભારતમાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સ (FPI) રૂટિંગ ફંડ માટે કયો દેશ તાજેતરમાં મોરેશિયસને પાછળ છોડીને ચોથું સૌથી વધુ પસંદગીનું સ્થળ બન્યું છે ? – આયર્લેન્ડ
9. તાજેતરમાં _____ રાજ્યમાં સરસ કેન્સની સૌથી વધુ વસતી હોવાનું નોંધાયું છે. – ઉત્તરપ્રદેશ
10. થાણે–બોરીવલી ટનલ પ્રોજેક્ટ કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – મહારાષ્ટ્ર
11. તાજેતરમાં WHOનું નવું લોન્ચ થયેલું MeDevIS પ્લેટફોર્મનો પ્રાથમિક હેતુ શું છે ? – તબીબી ઉપકરણ માહિતી
12. NBDA (ન્યૂઝ બ્રોડકાસ્ટર્સ એન્ડ ડિજિટલ એસોસિએશન)ના પ્રમુખ તરીકે સર્વસંમતિથી કોની પસંદગી કરવામાં આવી છે ? – રજત શર્મા
13. એગ્રીકલ્ચર લીડરશીપ એવોર્ડ 2024માં કયા રાજ્યને બગાયતમાં શ્રેષ્ઠ રાજ્યનો ખિતાબ એનાયત કરવામાં આવ્યો હતો ? – નાગાલેન્ડ
14. કઈ સંસ્થા 870 માઈલની ભ્રમણકક્ષાની ઊંચાઈને લક્ષ્યમાં રાખીને Polaris Dawn મિશન ચલાવી રહી છે ? – SpaceX
15. કેન્દ્રીય મંત્રી શ્રી ગજેન્દ્ર સિંહ શેખાવત દ્વારા _____ ના નેશનલ મ્યુઝિયમ ખાતે 'થાઈલેન્ડ–ઈન્ડિયા ઈન્ટવોવન લેગસીઝ : સ્ટ્રીમ ઓફ ફેઈથ ઈન બૌદ્ધિઝમ' ફોટોગ્રાફિક પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. – નવી દિલ્હી
16. જુલાઈ, 2024માં IMO કાઉન્સિલનું સત્ર કયાં યોજાયું હતું ? – લંડન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

17. શારીરિક રીતે અશક્ત વિદ્યાર્થીઓ માટે પૂર્વ ભારતની પ્રથમ યુનિવર્સિટી કયાં ખોલવાની યોજના છે ? – રાંચી
18. વર્ષ 2023-24 માટે SDG ઈન્ડિયા ઈન્ડેક્સમાં ભારતનો એકંદર સ્કોર કેટલો છે ? – 71
19. જૂન 2024 માટે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (CPI) મુજબ ભારતનો કામચલાઉ વર્ષ–દર–વર્ષ ફુગાવાનો દર કેટલો હતો ? – 5.08%
20. ભારતના કયા રાજ્યમાં હાલમાં વિશ્વના સૌથી મોટા રામાયણ મંદિરનું નિર્માણ ચાલી રહ્યું છે ? – બિહાર
21. કઈ મ્યુચ્યુઅલ ફંડ કંપનીએ ભારતનું પ્રથમ ઓઈલ એન્ડ ગેસ ETF લોન્ચ કર્યુ છે ? – ICICI પ્રુડેન્શિયલ
22. તાજેતરમાં કયું ભારતીય રાજ્ય સ્થાનિક સમુદાયોની મદદથી દરેક સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા માટે પીપલ્સ બાયોડાયવર્સિટી રજિસ્ટર તૈયાર કરનાર પ્રથમ બન્યું છે ? – કેરળ
23. શ્રીનગરમાં 'વૃક્ષો સાથે વૃદ્ધિ કરો' વૃક્ષારોપણ અભિયાનનું આયોજન કરવા માટે કઈ બેંકે બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) સાથે સહયોગ કર્યો છે ? – SBI
24. માર્ચ, 2024માં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે _____ ખાતેથી સુજલમ્ સુફલમ્ જળ અભિયાન 2024નો પ્રારંભ કરાવ્યો હતો. – સુરેન્દ્રનગર
25. કયું મંત્રાલય 2024 વર્લ્ડ હેરિટેજ યંગ પ્રોફેશનલ્સ ફોરમનું આયોજન કરી રહી છે ? – સંસ્કૃતિ મંત્રાલય
26. કયા યુરોપિયન દેશોએ તાજેતરમાં 500 કિ.મી.થી વધુની રેન્જ ધરાવતી લાંબા અંતરની ક્રૂઝ મિસાઈલ વિકસાવવાની પહેલ શરૂ કરી છે ? – પોલેન્ડ, જર્મની, ફ્રાન્સ, ઈટાલી
27. તાજેતરમાં કઈ સંશોધન સંસ્થાએ 'વન–સાયન્ટિસ્ટ–વન–પ્રોડક્ટ' પ્રોગ્રામ શરૂ કર્યો છે ? – ભારતીય કૃષિ સંશોધન પરિષદ (ICAR)
28. કઈ IIT અને પ્રસાર ભારતીએ બે દિવસીય રોબર્ટ સ્પર્ધા 'DD-ROBOCON' India 2024નું આયોજન કર્યુ હતું ? – IIT દિલ્હી
29. ICC વાર્ષિક કોન્ફરન્સ 2024 કયાં યોજાશે ? – શ્રીલંકા
30. ભારતે MANAS (Madak Padarth Nishedh Asuchna Kendra) નામની પહેલ હેઠળ તેની પ્રથમ રાષ્ટ્રીય ટોલ–ફ્રી એન્ટિ–નાર્કોટિક્સ હેલ્પલાઈન શરૂ કરી છે, જેનો નંબર _____ છે. – 1933
31. કયા શહેરમાં 'સોશ્રુતમ 2024'નું આયોજન કરવામાં આવ્યું હતું ? – નવી દિલ્હી
32. _____ દેશે પ્રથમ વખત 45મી COSPAR સાયન્ટિફિક એસેમ્બલીનું આયોજન કર્યુ હતું. – દક્ષિણ કોરિયા
33. તાજેતરમાં કયા દેશના વૈજ્ઞાનિકોએ ચાંચવાળી વ્હેલની શોધ કરી હતી ? – ન્યૂઝિલેન્ડ
34. કઈ સંસ્થા 'એક વૈજ્ઞાનિક, એક ઉત્પાદન' યોજના શરૂ કરવા માટે તૈયાર છે ? – ICAR

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

35. કઈ સંસ્થા સ્ટ્રોબરી પ્રોજેક્ટ વિકસાવી રહી છે, જેનો ઉદ્દેશ્ય અદ્યતન AI તર્કને આગળ ધપાવવાનો છે ? – OpenAI

36. _____ કંપનીએ STROM-X રજૂ કર્યુ છે, જે ખાસ કરીને રેસિંગ કાર માટે રચાયેલ હાઈ–ઓક્ટેન ગેસોલિન છે. – IndianOil

37. ભારતના કયા રાજ્યએ એક જ દિવસમાં 11 લાખથી વધુ વૃક્ષો વાવીને નવો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે ? – મધ્યપ્રદેશ

38. કયા રાજ્યની સરકારે તેના ઈસ્વાસ્થ્ય ધામ પોર્ટલને આયુષ્માન ભારત ડિજિટલ મિશન સાથે એકિકૃત કર્યુ છે ? – ઉત્તરાખંડ

39. એશિયાની સૌપ્રથમ 'પ્રી–ક્લિનિકલ નેટવર્ક ફેસિલિટી'નું ઉદ્ઘાટન કયા શહેરમાં થયું હતું ? – ફરીદાબાદ

40. નીતિ આયોગના અહેવાલમાં જણાવ્યા અનુસાર ભારતે _____ સુધીમાં ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનમાં 500 બિલિયન ડોલરનું લક્ષ્ય રાખ્યું છે. – 2030

41. _____ 100મા સભ્ય તરીકે ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સમાં જોડાયો છે. – પેરાગ્વે

42. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ _____ માં INS ટાવરનું ઉદ્ઘાટન કર્યુ હતું. – મુંબઈ

43. રાજ્યસભામાં ગૃહના નેતા તરીકે કોને નિયુક્ત કરવામાં આવ્યા છે ? – જે.પી.નડ્ડા

44. ચેન્નાઈ સુપર કિંગ્સે _____ માં સુપર કિંગ્સ એકેડેમીની સ્થાપના કરી છે. – સિડની

45. યુવાનો માટે નોકરીની તાલીમ અને સ્ટાઈપેન્ડ આપવા માટે તાજેતરમાં કઈ રાજ્ય સરકારે 'Ladka Bhau' (લાડકા ભાઈ) યોજના શરૂ કરી છે ? – મહારાષ્ટ્ર

46. વર્લ્ડ જુનિયર સ્કવોશ ચેમ્પિયનશિપ 2024માં કયા ભારતીય ખેલાડીએ બ્રોન્ઝ મેડલ જીત્યો છે ? – શૌર્ય બાવા

47. 'ઓપરેશન નન્હે ફરિશ્તે' તાજેતરમાં સમાચારમાં હતું. તે કઈ સંસ્થા સાથે સંબંધિત છે ? – રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF)

(RPFએ 2018માં શરૂ કરાયેલ ઓપરેશન નન્હે ફરિશ્તે હેઠળ છેલ્લા સાત વર્ષમાં ભારતીય રેલ્વે સ્ટેશનો અને ટ્રેનોમાં જોખમમાં રહેલા 84,119 બાળકોને બચાવ્યા છે.)

48. કયા જહાજને 2024 માટે ઈસ્ટર્ન ફલીટનું શ્રેષ્ઠ જહાજ પુરસ્કાર આપવામાં આવ્યો છે ? – INS દિલ્હી

49. તાજેતરમાં _____ રાજ્યની કોમ્યુનિટી મેનેજ્ડ નેચરલ ફાર્મિંગ (APCNF) પહેલને માનવતા માટે પ્રતિષ્ઠિત 2024 ગુલબેંકિયન પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. – આંધ્રપ્રદેશ

50. વર્તમાન FIFA મેન્સ રેન્કિંગ (જુલાઈ 2024)માં ભારત કયું સ્થાન ધરાવે છે ? – 124મું

51. કટારાગામ એસાલા ઉત્સવ કયા દેશ સાથે સંકળાયેલ છે ? – શ્રીલંકા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# MAINS PRACTICE QUESTIONS : અર્થતંત્ર

1. ભારતીય અર્થતંત્રમાં MSME ક્ષેત્રની સ્થિતિ શું છે ? MSME વ્યાખ્યા સાથેના મુદ્દાઓની તપાસ કરો અને સુધારા સૂચવો ?
2. ભારતના આર્થિક વિકાસ માટે મૂડી ખર્ચમાં વધારો મહત્ત્વપૂર્ણ છે. વિવેચનાત્મક રીતે તપાસ કરો.
3. ફોરેક્સ રિઝર્વમાં વધારો એ ભારતના અર્થતંત્ર માટે કેવી રીતે ફાયદાકારક છે, તેની ચર્ચા કરો.
4. 'GDP કોઈપણ અર્થવ્યવસ્થાના આર્થિક પ્રદર્શનનું સંકેતક છે' – નિવેદન પર ટિપ્પણી કરો.
5. ભારતીય અર્થતંત્ર માટે વિદેશી સંસ્થાકીય રોકાણ (FII) અને ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (FDI)નું મહત્ત્વ સમજાવો તથા ભારતમાં FDI વધારવાના પગલા સૂચવો.
6. UPIએ ભારતમાં ડિજિટલ પેમેન્ટમાં કઈ રીતે ક્રાંતિ લાવી છે અને ભારતીય સમાજ અને અર્થતંત્ર પર તેની શું અસરો છે ? – ચર્ચા કરો
7. ભારતમાં મોટાભાગની બેરોજગારી માળખાકીય છે. દેશમાં બેરોજગારીની ગણતરી કરવા અપનાવવામાં આવેલી પદ્ધતિની તપાસ કરો અને સુધારાઓ સૂચવો.
8. નીતિ આયોગ દ્વારા અનુસરવામાં આવતા સિદ્ધાંતો ભારતમાં અગાઉના આયોજન પંચ દ્વારા અનુસરવામાં આવતા સિદ્ધાંતોથી કેવી રીતે અલગ છે ?
9. ભારતના દરિયાકાંઠાના અર્થતંત્ર માટે મત્સ્યઉદ્યોગનું શું મહત્ત્વ છે ? ફૂડ પ્રોસેસિંગ અને સંબંધિત વાણિજ્યના ભાગરૂપે વાણિજ્યિક માછીમારીમાં વધુ શું સંભવિત છે ? – ટિપ્પણી કરો
10. શા માટે ગ્રામીણ ક્ષેત્ર અર્થતંત્ર માટે મહત્ત્વપૂર્ણ છે – ચર્ચા કરો

**નોંધ : દર અંકમાં અલગ–અલગ વિષયના મેઈન્સ પરીક્ષા માટેના 10 પ્રેક્ટિસ પ્રશ્નો મૂકવામાં આવે છે. જેની સર્વે વિદ્યાર્થી મિત્રોએ નોંધ લેવી.**

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT